**Science Citation Index (SCI)**

2006ના અંદાજ મુજબ SCI એ વિશ્વની 200 વિદ્યાશાખાના અગ્રણી વૈજ્ઞાનિક અને તકનીકી સામયિકો પરત્વે પ્રવેશ પૂરો પાડે છે. સામયિકો ઉપરાંત કેટલાક પુસ્તકો પણ આવરી લેવાય છે. તે વિવિધ ભૌતિક સ્વરૂપ અને માધ્યમમાં ઉપલબ્ધ છે. છપાયેલ આવૃત્તિ વર્ષમાં છ વાર પ્રકાશિત કરાય છે. 1966 અગાઉના અંકોના વિષયવસ્તુ સાથેના સમુચ્ચય આવૃત્તિ વાર્ષિક, પરા વાર્ષિક અને દશાબ્દી ગ્રંથોમાં ઉપલબ્ધ છે. 1988 થી સીડી રોમ આવૃત્તિ વર્ષના ચાર વાર પ્રકાશિત કરાય છે. ચતુર્થ અંકએ વાર્ષિક સંગ્રહ છે. અગાઉના ગ્રંથો 1980 સુધી ઉપલબ્દ છે. SCI છપાયેલ આવૃત્તિ કેટલાક ભાગો જેવા કે અવતરણ સૂચિ, સ્રોત સૂચિ Permutem વિષય સૂચિ અને કોર્પોરેટ સૂચિનો સમાવેશ કરે છે. ઉલ્લેખ નિર્દેશિકા, ઉલ્લેખ સંદર્ભોની સૂચિ પૂરી પાડે છે. સ્રોતસૂચિ ઉલ્લેખ કરતાં પેપર્સની યાદી પૂરી પાડે છે અને તે લેખકના નામો દ્વારા ગોઠવાય છે. Permutem વિષય સૂચિએ ચાવીરૂપ શબ્દોની સૂચિ છે કે જ્યાં ચાવીરૂપ શબ્દો માત્ર ઉલ્લેખ પ્રલેખોના શીર્ષકોમાંથી લેવાય છે. કોર્પોરેટ સૂચિ ઉલ્લેખિત લેખકોના પ્રબંધો અને સ્થળોની સૂચિ પૂરી પાડે છે. જ્યાં પ્રબંધો સ્થાપના નામો નીચે ગોઠવાયેલાં હોય છે. ISI web of science ઉલ્લેખ નિર્દેશિકાની ઇન્ટરનેટ આવૃત્તિ ઈ-જર્નલ અને અન્ય પ્રલેખો સમાવિષ્ટ SST નાં લગભગ 5800 અગ્રણી સામયિકોને આવરી લેતું Science citation Index Expanded પ્રવેશ પૂરો પાડે છે. SCI માહિતી સંગ્રહ 1990થી આજ સુધી ઉપલબ્ધ છે. આ એકમના વિભાગ 13.6.2માં નિર્દેશિકાઓ વિષે તમે વધારે જાણી શકશો SCI ની વિજાણું આવૃત્તિઓને અસંખ્ય પ્રવેશ કેન્દ્રો છે અને શોધકારો પુનઃપ્રાપ્તિ નોંધો તેમજ શોધ સ્તરોને સેવ કરી શકે.

**સામાજિક વિજ્ઞાન ઉલ્લેખ નિર્દેશિકા (SSCI) (Social Citation Index)**

તે 3000 કરતાં વધારે અગ્રણી SST જર્નલમાંથી પસંદગીની સંદર્ભિત બાબતો તથા વિવિધ વિદ્યાશાખાઓમાં દુનિયાના લગભગ 1700 અગ્રણી સામાજિક અને વર્તણૂક વિજ્ઞાન સામયિકોનો પ્રવેશ પૂરો પાડે છે તે કેટલાંક મોનોગ્રાફને પણ આવરી લે છે. નિર્દેશો SCIની ભૌતિક સ્વરૂપો અને માધ્યમોમાં ઉપલબ્ધ છે. મુદ્રિત સ્વરૂપ વર્ષમાં છ વાર પ્રકાશિત થાય છે. વાર્ષિક અને બહુવર્ષીય સંચય સાથે સીડી-રોમ આવૃત્તિ 1989થી શરૂ કરીને વર્ષમાં ચાર વાર પ્રકાશિત થાય છે. ચતુર્થ અંક એ વાર્ષિક સંચય છે. પૂર્વ ગ્રંથો 1981 સુધી ઉપલબ્ધ છે. ISI web of science ઇન્ટરનેટ દ્વારા SSCI પરત્વે પ્રવેશ પણ પૂરો પાડે છે. સીડી-રોમ અને ઓનલાઈન આવૃત્તિઓને અસંખ્ય પ્રવેશ બિંદુઓ હોય છે અને શોધ પુનઃપ્રાપ્તિ નોંધો અને શોધ સ્રોતો સેવ કરી શકે છે.

**કલા અને માનવવિદ્યા નિર્દેશિકા (Arts and Humanities citution Index CAS HCI)**

તે 1150 કરતાં વધારે અગ્રણ્ય કક્ષા અને માનવવિદ્યાના સામયિકો પરત્વે પ્રાપ્તિ પૂરી પાડે છે અને અમુક વિદ્યાશાખાઓના વિસ્તૃત ક્ષેત્રોમાં લગભગ 7000 SST તથા સમાજ વિજ્ઞાન સામયિકોમાંથી વ્યક્તિગત રીતે પસંદગીના નમૂનાઓનો સમાવેશ કરે છે. મુદ્રિત આવૃત્તિઓ વર્ષમાં છ વાર પ્રકાશિત થાય છે અને સીડી રોમ વર્ષમાં ત્રણ વાર. સીડી રોમનો પ્રથમ અંક 1992માં ઉત્પન્ન કરાયો હતો. 1980થી પૂર્વ ગ્રંથો ઉપલબ્ધ છે. ISI web of science ઈન્ટરનેટ દ્વારા ASHCI નો પ્રવેશ પૂરો પાડે છે. મુદ્રિત આવૃત્તિની નિર્દેશિકા SCIની પદ્ધતિ પર છે. ASHCI ની વિજાણું આવૃત્તિઓને અસંખ્ય પ્રવેશ બિંદુઓ હોય છે અને શોધકો પુનઃપ્રાપ્તિ નોંધ તેમજ શોધ સ્રોતો સેવ કરી શકે.

**તમારી પ્રગતિ ચકાસો :**

8. ઉલ્લેખ નિર્દેશિકાઓની ક્રમિક વિકાસ સ્પષ્ટ કરો.

9. વિજ્ઞાન ઉલ્લેખ નિર્દેશિકાના વિવિધ ભાગો કયા છે ?

નોંધ : (1) તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.

(2) તમારો જવાબ આ એકમને અંતે આપેલ જવાબો સાથે મેળવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

### 13.4.3 ઉલ્લેખ નિર્દેશિકાઓ આધારીત ઉપજો (Product Based Citation Index)

વિવિધ હેતુઓ માટે વિવિધ રૂપાંતરિત ઉત્પન્નો ઉલ્લેખ નિર્દેશિકાઓ અને ઉલ્લેખ પૃથક્કરણનાં આધારે વિકસાવી શકાય છે ISI એ આવી અસંખ્ય ઉત્પાદનો વિકસાવ્યા છે : જેમ કે, Journal citation Reports, Essential science Indicators અને Highly cited com, કે જેનાં આધારે ભાવિ સેવાઓ અને ઉત્પાદનો વિકસાવી શકાય. Highly cited.com સંશોધક સમાજને સૌથી વધારે અસરકારક લેખો પરની માહિતી પૂરી પાડે છે. Essential science નીતિ ઘડતરનાં નિર્ણયો માટે ઉપયોગી અસંખ્ય વિજ્ઞાન સૂચકો પૂરા પાડે છે.

**સામયિક ઉલ્લેખ અહેવાલ (Journal Citation Report)**

The Journal Citation Reports (JCR) સંપૂર્ણ ઉલ્લેખ અસર પરિબળ, તત્કાલ, નિર્દેશ, નિર્દેશિત અર્ધજીવન અને SCI તથા SSCI નાં સ્રોત જર્નલનાં વર્તમાન વર્ષના અંકોના સંદર્ભોમાંથી અર્ધ-જીવન ઉલ્લેખ દ્વારા જર્નલની ક્રમિક યાદીઓ પૂરી પાડે છે. તે અસર પરિબળ દ્વારા ક્રમિક કક્ષા દ્વારા SSI સામયિકો યાદી પણ પૂરી પાડે છે. Journal Half-life package વિભાગ ઉલ્લેખો કરાવાથી ઉલ્લેખ કરાયેલ જર્નલમાંથી ઉલ્લેખોના સંચયિત સલવાર વહેંચણીનો સમાવેશ કરે છે અને half-life દ્વારા ક્રમ અપાયેલ સામયિકોનો પણ સમાવેશ કરાય છે. વિવિધ વર્ષો દરમ્યાન વિવિધ જર્નલ ઉલ્લેખોના વિતરણ સાથે સાથે ઉલ્લેખ કરાતાં અને ઉલ્લેખ યાદીઓ પણ આપેલી હોય છે. JCR એ 1975 વાર્ષિક રીતે પ્રકાશિત વિશ્વના અગ્રણ્ય જર્નલોનું મૂલ્યાંકન કરે છે અને ક્રમબદ્ધ ગોઠવે છે. હાલ, Journal citation Reports માત્ર વિજાણું સ્વરૂપમાં ઉપલબ્ધ છે તે વિશ્વનાં તમામ અગત્યના SST તેમજ સમાજવિજ્ઞાન સામયિકો માટે માહિતીની ખાણ તરીકે કાર્ય કરતું અધિતથ્ય cita-analytical ઉત્પાદન છે. તે સીડી-રોમ અને મુદ્રિત સંસ્કરણમાં વિજ્ઞાન આવૃત્તિઅને સમાજવિજ્ઞાન આવૃત્તિ પ્રકાશિત કરે છે. Journal citation Reports on the web (JCR web) એ વેબ પૃથક્કરણ સાધન છે. ISI web of knowledge દ્વારા ઉપલબ્ધ છે. JCR વેબ પર વર્ષે દુનિયાના સૌથી અગ્રણ્ય 7500 સામયિકોની ક્રમબદ્ધ યાદી પૂરી પાડે છે.

ગ્રંથાલયો માહિતી પૃથક્કરણો, પ્રકાશકો, સંપાદકો, લેખકો, સંશોધન વિદ્યાનો અને વિદ્યાર્થીઓ જુદા જુદા હેતુઓ માટે JCR ઉપયોગ કરે છે. તે સંપાદકો અને પ્રકાશકોને સંપાદકીય અને વિતરણ નીતિ રચવા મદદ કરે છે. વિદ્યાનો અને સંશોધકો માટે તે તેઓને ક્યાં પ્રકાશિત કરવું તે નક્કી કરવા અને જો ખરેખર પ્રકાશિત થયું હોય તે વિદ્વતાપૂર્ણ વિશ્વમાં સામયિકનું વર્તમાન સ્થાન શું છે તે નક્કી

કરવા મદદ કરે છે. નીતિ ઘડવૈયાઓ માટે તે વિજ્ઞાન અને સમાજ વિજ્ઞાન સૂચકો પૂરા પાડે છે કે જેથી તે સંશોધનોના ક્ષેત્રો પર ધ્યાન એકત્રિત કરે.

**Table 13.1 Journal Ranking Sqrted by impact factor**

| Rank | Journal Abbreviatio | Impact Factor | Immediacy Index | Cited Half-life | 2003 Articles | 2003 Total Citation |
|---|---|---|---|---|---|---|
| 1. | Annu Rev Immunol | 52.280 | 9.600 | 5.6 | 25 | 13797 |
| 2. | Annu Rev Biochem | 37.647 | 4.875 | 7.7 | 24 | 16322 |
| 3. | Physio Rev | 36.831 | 3.727 | 6.6 | 33 | 13475 |
| 4. | Nat Revmol cellbio | 35.041 | 4.831 | 2.3 | 71 | 6588 |
| 5. | New Engl J. Med. | 34.833 | 11.719 | 7.1 | 366 | 152715 |
| 6. | Nat Rev Cancer | 33.954 | 4.821 | 1.6 | 78 | 3338 |
| 7. | CA-Cuncer J clim | 33.056 | 21.615 | 3.5 | 13 | 3342 |
| 8. | Nature | 30.979 | 6.679 | 7.0 | 859 | 343528 |
| 9. | Nat Med | 30.550 | 6.749 | 4.4 | 167 | 35913 |
| 10. | Annu Recneurosci | 30.167 | 2.000 | 6.5 | 23 | 7925 |

**ઉલ્લેખ નિર્દેશિકાઓનો ઉપયોગ (Use of Citation Indexes)**

ઉલ્લેખ નિર્દેશિકાના આધારે અસંખ્ય સેવાઓ અને ઉત્પાદનો ઉત્પાદિત કરી શકાય છે. દા.ત. ઉલ્લેખ નિર્દેશિકા વિશિષ્ટ વિષય પર વાઙ્મયસૂચિના સંપાદન અને સાહિત્ય શોધ સેવા માટે ઉપયોગ કરી શકાય છે. જો તમે કોઈ સંદર્ભથી જાણકાર ન હોય તો તમે Premuterm subject index થી શરૂ કરો. સંદર્ભની ઓળખ મેળવ્યા બાદ તમે ઉલ્લેખ નિર્દેશિકા અને તેની માટે પણ વાપરી શકાય. જ્ઞાન અને વિષયોના જૂથનું આલેખન એ ઉલ્લેખ નિર્દેશિકા અને તેની પેટા પેદાશોના અન્ય અગત્યના વિનિયોગો છે વિષયોના માળખાનો અભ્યાસ કરી શકાય કે જે સંશોધનના આંતર-શાળાના અભ્યાસોના સ્વરૂપનું વર્ણન કરે. તે જ રીતે પુસ્તકાલયો અને સેવા કેન્દ્રોની સેવાઓની વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં ભારતીય સંશોધનના ફાળાનું મૂલ્યાંકન કરવા માટે સહાયરૂપ થવામાં અપેક્ષા રખાય છે. ઉલ્લેખ નિર્દેશિકાઓ અને તેની પેટાપેદાશો તેમના વિદ્વતાપૂર્ણ ફાળાના સંદર્ભમાં દેશ, પ્રદેશ, સંશોધન સંસ્થાઓ, શિક્ષકો અને સંશોધકોના કાર્ય અને ફાળાના માપન અને મૂલ્યાંકન માટેનાં જરૂરી સાધનો છે. દા.ત. NISCAIR એ Science citation Index ના આધારે CSIR Research output તરીકે ઓળખાતું CSIR સંશોધન સંસ્થાઓનો વાર્ષિક અહેવાલ બહાર પાડે છે.

## 13.5 ICT અને માહિતી સેવાઓનો રૂપાંતરિત વ્યવસ્થા (ICT AND CUSTOMISED ORGANISATION OF INFORMATION SERVICES)

માહિતી હલ કરવામાં માહિતી પ્રત્યાયન ટેકનોલોજી ... ના વિકાસ અને વિનિયોગને લીધે ઉપયોગકારના વર્તનને શોધતા પુસ્તકાલય અને માહિતી સેવાઓનો ચહેરો આધારભૂત રીતે બદલાયો છે. પુસ્તકાલયો અને માહિતી કેન્દ્રો હવે ઉચ્ચ અત્યાધુનિક અને વિકસિત માહિતી વ્યવસ્થાપન ઉપયોગ કરે છે. ICT સાધનો અને તકનીકોનો ઉપયોગ કરે છે. ICT માં વિકાસ જરૂરિયાત અનુસાર સ્રોતોના રૂપાંતરને શક્ય બનાવ્યો છે અને જે અત્યાર સુધી શક્ય ન હતા તેના વિવિધ સ્વરૂપોમાં માહિતી સેવાઓના વૈવિધ્યને પુરું પાડે છે.

પરિબળો પૈકી એક પરિબળ કે જેનો માહિતી ઉપયોગ પર ખૂબ પ્રભાવ છે તે એક સ્વરૂપ છે કે જેમાં હવે માહિતી ઉપલબ્ધ છે એક અગત્યનું પરિબળ છે. મોટાભાગના ઉપયોગકારો ઉત્પાદનને એવા સ્વરૂપમાં ઇચ્છે છે કે જે શક્ય તેટલી સરળતાથી માહિતીના મૂલ્ય અને પ્રસ્તુતતાનું માપન કરવા તેઓને પરવાનગી આપે. દા.ત. ગામડાના અભણ કારીગરો માટે તે બહુમાધ્યમનો ઉપયોગ કરીને

માહિતી રજૂ કરવી યોગ્ય હશે આ રૂપાંતરની પણ અન્ય પદ્ધતિ છે.

ઈન્ટરનેટ પર અસંખ્ય રૂપાંતરિત માહિતી સેવાઓ ઉલ્લેખ છે કે જે કેટલીકવાર પૂરક બને છે અને ઘણીવાર પ્રવર્તમાન છાપેલ માહિતી સ્રોતોને બદલે છે અત્યારે ઘણા માહિતી સ્રોતો કાં તો ઈન્ટરનેટ આધારિત ઉત્પાદનો અથવા સીડી રોમ ઉત્પાદનો તરીકે ઉપલબ્ધ છે. ઈન્ટરનેટ સ્રોતો સીડી રોમ ઉત્પાદનો કરતાં વધારે આંતરક્રિયા અત્યાધુનિક અને વિસ્તૃત (અસંખ્ય વર્ષોના માહિતી સંગ્રહ) છે કોઈપણ પ્રકારની માહિતી જરૂરિયાતની પરિપૂર્તિ માટે વ્યક્તિએ યોગ્ય ઈન્ટરનેટ સ્રોતને શોધી કાઢવો જોઈએ. આ એકમના વિભાગ 13.7માં માહિતી સ્રોતોના સાધન તરીકે તમે ઈન્ટરનેટ પર વધારે ચર્ચા શોધશો.

**Table-13.2**

**Internet based Services Related to various Information Needs**

| Service Related to Type of Information Needs | Example of Internet Resources | Target Group |
|---|---|---|
| Services related to current information needs | Current contents Connect | Researcher |
| | T-Gate | Researcher |
| Services related to exchaustive Information Needs | ISI web of science | Researchers |
| | compendex | Researchers and |
| | Technologists | |
| Service related to | Online Telephone Directories of BSNL | Common men |
| everyday intermation | ITC Ltd' schoupal | Farmers |
| needs | Internet public Library | Common men |
| Services related to catching-up information needs | online encyclopadia Brita | Common men |
| | Access science CMC hill encyclopedia of science online review journal | Researcher and subject experts |
| | | Researchers |

સારણી-13.2 દર્શાવે છે કે આધુનિક ICT સાધનો વાપરીને અસંખ્ય રૂપાંતરિત માહિતી સેવાઓનું ઉત્પાદન કરી શકાય છે અને તે ઈન્ટરનેટ દ્વારા ઉપલબ્ધ કરી શકાય છે કે જે 21મી સદીમાં પ્રત્યાયનનું સૌથી વધારે શક્તિશાળી માધ્યમ છે. ચાલો આપણે માહિતી સેવાઓના રૂપાંતરના કેટલાક કિસ્સાઓનો અભ્યાસ કરીએ કે જે માહિતી સેવાઓ આધુનિક ICT સાધનો અને ટેકનીકોનો વિસ્તૃત રીતે ઉપયોગ કરે છે. આ કિસ્સાઓ પુસ્તકાલયો અને માહિતી વ્યાવસાયિકોને ગતિશીલ ભાવિ માહિતી ઉત્પાદનોના ઉત્પાદન માટે આંતરસૂઝ આપે છે. જે ઉત્પાદનો વ્યક્તિગત અને સંસ્થાઓની પ્રવર્તમાન માહિતી સેવાઓને બંધબેસતી હોય છે.

**ISI Web Science**

ISI web science એ વિસ્તૃત વાઙ્મયસૂચિ અને ઉલ્લેખ ગ્રંથાલયના પ્રવેશનો વેબ આધારિત સમન્વય છે. ISI Web Science એ 1997માં શરૂ કરાયેલ Thomson Scientific ની સહાયક Institute for scientific information (ISI) નું માહિતી ઉત્પાદન કરે છે. તે પાંચ ડેટાબેઝનો સમાવેશ કરે છે. જેમ

કે, SCI, SSCI, ASHCI, Index chemicus અને Current chemical Reaction. આ માહિતીનો સમાવેશ કરે છે તે ઉલ્લેખ નિર્દેશોની અધિકૃત વિષયવસ્તુ પરત્વે શક્તિશાળી શોધ સુવિધાઓ પૂરી પાડે છે. કેટલાંક જોડાણોનો ઉપયોગ કરીને શોધને વધારે કેન્દ્રિત અને ચોક્કસબિંદુ બનાવી શકાય. તેની પાસે વર્ષોની શ્રૃંખલામાંથી પશ્ચાદવર્તી ઉલ્લેખો અને સ્રોત ડેટાબેઝને શોધવાની શક્તિ છે. તે વિવિધ શોધ વિકલ્પો રજૂ કરે છે અને શોધકને સમયગાળો અને એક કે વધારે માહિતી સંગ્રહો પસંદ કરવા પડે છે. Web of science માં જે શોધ વિકલ્પો ઉપલબ્ધ છે તે નીચે પ્રમાણે છે.

- ઝડપી શોધ (Boolean operatoes CAND, OR, NOT, SAME) અને Wild Card (*2$) નો ઉપયોગ કરીને મુદ્દા શબ્દોની શોધ.
- સામાન્ય શોધ (મુદ્દા, લેખક નામ, સ્રોત શીર્ષક અને લેખક સરનામાં દ્વારા નોંધોની શોધ)
- રૂપાંતરિત સંદર્ભશોધ (અન્ય કાર્યોના ઉલ્લેખ કરતા લેખો માટે શોધ)
- રચના શોધ (રાસાયણિક સંયોજનો અને પ્રતિક્રિયાઓની શોધ)
- વિકસિત શોધ (અનુભવી ઉપયોગકારો માટે કે જેઓ ક્ષેત્ર નોંધ, બુલીયન રજૂઆતો અને નિશ્ચિત જોડાણોનો ઉપયોગ કરીને જટિલ શોધ વ્યૂહો વિકસાવવાનું ઈચ્છે છે)
- મુક્ત સેવ કરેલ શોધ (અગાઉથી સેવ કરેલ શોધ ઈતિહાસ ફાઈલ ખોલીને નોંધ માટેની શોધ)

**ISI Web of Science નોંધપાત્ર લક્ષણો**

- તે science citation index expended (1900 થી હાલ સુધી) Social science citation index (1956નાં વર્ષથી હાલ સુધી) Arts and Humanifies citation index (1993નાં વર્ષની અત્યાર સુધી) અને Current Chemical Reactions (1986ના વર્ષથી અત્યાર સુધી) નો પ્રવેશ પૂરો પાડે છે.
- તે વર્તમાન સંશોધન પર પેપર અથવા (અન્ય પ્રકાશિત બાબતની અસર શોધવા માટે સમયસર આગળ પ્રયાણ કરે છે.)
- તે પ્રાથમિક સાહિત્યની પૂર્ણ વિગતની કડી પૂરી પાડે છે.
- અહીં ઉપયોગકારો Century of Science Initative દ્વારા 1900 અને 1944 વચ્ચે પ્રકાશિત વૈજ્ઞાનિક સામયિક લેખોનો જમીનગત પ્રવેશ આપે છે.
- અહીં ઉપયોગકારો માહિતી સંગ્રહોમાંથી નોંધો વિકાસ કરી શકે અથવા ડાઉનલોડ કરી શકે અને શોધ સૂત્રો સેવ કરી શકે.

**તમારી પ્રગતિ ચકાસો :**

10. ISI ના શોધ વિકલ્પો કયા છે ?

નોંધ : (1) તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.

(2) તમારો જવાબ આ એકમને અંતે આપેલ સાથે મેળવો.

.................................................................

.................................................................

.................................................................

....................................................................

....................................................................

....................................................................

**ISI Web of Knowledge**

ISI Web of Knowledge એક સુગ્રંથિત ઇન્ટરનેટ આધારિત મંચ છે કે જે પ્રવેશનો અગવડતાપૂર્ણ મુદ્દો પૂરો પાડે છે. ISI web of knowledge એ 2007માં Institute of scientific information (ISI) ની માહિતી પેદાશ છે. તે તમામ કક્ષાના વિધાનો, સંશોધકો અને માહિતી વ્યાવસાયિકોને વિવિધ વિષયવસ્તુ સ્રોતોને સ્વાભાવિક ભાષા શોધ કરવા માટે મદદ કરે છે. The web knowledge અસંખ્ય સ્રોતો પરત્વે સુગ્રથિત પ્રવેશ પૂરો પાડે છે કે જેને હાર્દરૂપ વિષયવસ્તુ, પૃથક્કરણીય વિષયવસ્તુ, આયોજેલ વિષયવસ્તુ, બાહ્યવિષયવસ્તુ અને માહિતી વ્યવસ્થાપન સાધનોમાં જૂથ પાડી શકાય છે. હાર્દરૂપ વિષયવસ્તુ, આંતરરાષ્ટ્રીય જર્નલ્સ, પરિષદ પ્રક્રિયાઓ, પેટન્ટ, રાસાયણિક પ્રતિક્રિયાઓ અને સંયોજનો તથા વેબ પ્રલેખોમાંથી વિવિધ વિદ્યાશાખીય વિષયવસ્તુ છે. પૃથક્કરણ વિષયવસ્તુઓ ઉલ્લેખ આધારિત માહિતી કાર્ય છે કે જેને વૈજ્ઞાનિક અને વિદ્વતાપૂર્ણ અસરનું મૂલ્યાંકન અને પૃથક્કરણ કરવા ઉપયોગ કરી શકાય છે. આયોજેલ વિષયવસ્તુએ અન્ય માહિતી પૂરી પાડનારામાંથી અધિકૃત વિષય વિશિષ્ટ સ્રોતો છે. બાહ્ય વિષયવસ્તુએ ઉચ્ચ ગુણવત્તા મુક્ત રીતે ઉપલબ્ધ વિજાણું સ્રોતો છે. તેઓ web of knowledge પર આયોજેલ નથી પણ સંશોધકો માટે મહત્ત્વના છે. માહિતી વ્યવસ્થાપન સાધનો માહિતી સંચાલન અને રૂઢિગતતા માટે માહિતી વ્યાવસાયિકોને ખાસ કરીને મહત્ત્વના છે. ISI Web Knowledge ની વિષયવસ્તુઓની નીચે પ્રમાણે યાદીકરાઈ છે.

**હાર્દરૂપ વિષયવસ્તુ (Core Contents)**

- ISI Web of science (સામયિક સાહિત્ય અને ઉલ્લેખ નિર્દેશી તરફના પ્રવેશ માટેનું સાધન)
- Current contents connect (વર્તમાન વિદ્વતાપૂર્ણ સાહિત્ય પ્રવેશ માટેનું સાધન)
- ISI Proceedings (પરિષદ કાર્યવાહી, સાહિત્ય પ્રવેશ માટે સાધન)
- Derwent Innovative Index (ઇજારાપત્ર સાહિત્ય પ્રવેશ માટેનું સાધન)

**Analytical Contents પૃથક્કરણીય વિષયવસ્તુ**

- Journal citation Reports on the web (વિદ્વતાપૂર્ણ સામયિકોના મૂલ્યાંકન માટે મૂલ્યાંકનાત્મક સાધનો)
- Essential science indiacators (SST તથા સમાજવિજ્ઞાનોના પ્રવાહો શોધવા અને કાઢે માપન માટેનું સાધન)
- High cited.com (વિશ્વના સૌથી વધારે ઉલ્લેખ સંશોધકો અને તેમની સિદ્ધિઓ પર માહિતી પૂરી પાડે છે.)

**યજમાન વિષયવસ્તુ (Hosted Contents)**

- BIOSIS Preview (જૈવ તબીબી અને જીવવિજ્ઞાનોમાં સાહિત્ય પરત્વે પ્રાપ્તિ કરે છે.)
- CAB Abstracts (વિનિયોજીત જીવન અને કૃષિ વિજ્ઞાનમાં સાહિત્ય પરત્વે પ્રાપ્તિ કરે છે.)

- INSPEC (ભૌતિકશાસ્ત્ર, ઈલેક્ટ્રોનિક્સ, અંકુશ એન્જીનીયરીંગ, કોમ્પ્યૂટરીંગ અને માહિતી ટેકનોલોજીમાં વિનિયોજીત વિજ્ઞાન સાહિત્ય પરત્વે પ્રવેશ પૂરો પાડે છે.)
- FSTA ખાદ્ય વિજ્ઞાન અને ટેકનોલોજી સાર.

**બાહ્ય વિષયવસ્તુ (External Contents)**

અસંખ્ય બાહ્ય વિષયવસ્તુઓ છે જેવાં કે AGRICOLA, Pubmed, the cochrance Library (Cochrane રીવ્યુના સાર), AIAA Meeting Papers, arciv.org e-print Archive (કમ્પ્યૂટર વિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, બિનરેખીય વિજ્ઞાન અને ભૌતિકશાસ્ત્ર), ASCE Civil Enginnering માહિતી સંગ્રહ, NASA Astrophysics Data system, National Technical Information Service Product search, ASKEric and Popline.

**માહિતી વ્યવસ્થાપન ઉપકરણો (Information Management Tools)**

- Web feat prism (શોધકોને મુક્ત રીતે પ્રાપ્ત ઇન્ટરનેટ સ્રોતો અને પુસ્તકાલયના યોગ્યત્તમ સંગ્રહોનો સમાવેશ કરવા તેની પુનઃશોધ વિસ્તારવા શક્તિમાન બનાવે છે.)
- I cate (one click Access to everything open URL. પ્રાથમિક પ્રકાશકો દ્વારા પ્રાયોજિત સંપૂર્ણ ગ્રંથ પ્રલેખોના સીધા જ પ્રવેશ માટે સરળ જોડી જોડનાર)

ISI web of knowledge લગભગ તમામ પ્રકારની માહિતી જરૂરિયાતો પૂરી પાડે છે. The Current contents connect વર્તમાન જરૂરિયાતોને સંબંધિત માહિતી પૂરી પાડે છે. ISI web of science, ISI proceedings, Derwent Innovation Index અને આયોજિત વિષયવસ્તુ તરીકે ઉપલબ્ધ અન્ય માહિતી ઉત્પાદનો વિસ્તૃત જરૂરિયાતને સંબંધિત માહિતી પૂરી પાડે છે. ISI Web of Knowledge દ્વારા પ્રવેશગમ્ય કેટલીક બાહ્યવિષયક વસ્તુઓ દરરોજની જરૂરિયાતો તથા આલંઘન જરૂરિયાતોને સંબંધિત માહિતી પૂરી પાડે છે. આ રીતે આ માહિતી પેદાશો અસંખ્ય માહિતી પેદાશોને સુગ્રંથિત કરીને લગભગ પ્રત્યેક શાળામાં ગતિશીલ અને બહુવિધ માહિતી આપે છે.

**તમારી પ્રગતિ ચકાસો :**

11. ISI Web of knowledge નાં હાર્દરૂપ વિષયવસ્તુ અને પૃથક્કરણીય વિષયવસ્તુઓ કયા કયા છે ?

નોંધ : (1) તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.

(2) તમારો જવાબ આ એકમને અંતે આપેલ જવાબો સાથે મેળવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**J-Gate**

J-Gate 2001થી Informatics (India) દ્વારા પૂરું પડાતું પુસ્તકાયો અને માહિતી કેન્દ્રોને માટે સામાજિક

વિષયવસ્તુ પ્રવેશદ્વાર સેવા છે. J-Gate 3000 કરતા વધારે પ્રકાશકોમાંથી 14,000 કરતા વધારે સામયિકોના વિષયવસ્તુ પરત્વે ઇન્ટરનેટ આધારિત પ્રવેશ પૂરો પાડે છે. સેવા 3000 કરતા વધારે મુક્ત પ્રવેશ સામયિકોનો સમાવેશ કરે છે જ્યાં ઉપયોગકારોને પૂર્ણગ્રંથ લેખો મફત ઉપલબ્ધ હોય છે. J-Gate પૂર્ણ ગ્રંથ લેખો પરત્વે ઉચ્ચકડીઓ પૂરી પાડે છે જો પ્રકાશના વેબ પોર્ટલ અથવા માહિતી પૂરી પાડનારના વેબ પોર્ટલ દ્વારા આ ઉપલબ્ધ હોય ત્યાં J-Gate માહિતી સંગ્રહો વિવિધ પ્રવેશ બિંદુઓ મારફતે શોધી શકાય છે. જેમ કે વિષય, લેખક, ચાવીરૂપ શબ્દ વગેરે તે માત્ર અંગ્રેજી ભાષામાં પ્રકાશિત સામયિકોને આવરી લે છે. J-Gate વિષયકક્ષાઓ છે : (1) કૃષિ અને જીવશાસ્ત્ર વિજ્ઞાનો (2) કલા અને ભાષાવિજ્ઞાનનો (3) મૂળભૂત વિજ્ઞાનો, (4) જૈવ તબીબી વિજ્ઞાનો (5) ઈજનેરી અને ટેકનોલોજી (6) સામાજિક અને વ્યવસ્થાપન વિજ્ઞાનો અને (7) પુસ્તકાલય અને માહિતી વિજ્ઞાન ઉપયોગકારો એક જ સમય બિંદુએ એક વિષય શ્રેણી અથવા એક કરતા વધારે વિષય શ્રેણીઓ અથવા તમામ વિષય શ્રેણીઓ દ્વારા શોધ કરી શકે છે. આ સેવાનું વધારે રૂપાંતરણ છે. દા.ત. ઉપયોગકાર માત્ર UGC INFONET થી આવરી લેવાયેલ સામયિકો સુધી જ તેમની શોધ મર્યાદિત કરી શકે છે.

J-Gate આગળ આ સેવાને J-Gate custom content (JCC) Service અને J-Gate custom contents for consortia (JCCC) એ સેવા રૂપાંતરિત કરે છે. JCC કોઈપણ પુસ્તકાલય અથવા માહિતી કેન્દ્રો દ્વારા રૂપાંતરિત સામયિકના વિષયવસ્તુ પરત્વે પ્રવેશ રૂપાંતરિત કરે છે. પુસ્તકાલયોના ઉપયોગકારો લવાજમ ભરાયેલ સામયિકોની વિષયવસ્તુની સારણીઓ પ્રવેશ કરી શકે છે, આવા સામયિકોના સંદર્ભસૂચિ નોંધ શોધ કરી શકે અને પસંદગી નમૂનાઓના પૂર્ણગ્રંથ વિષયવસ્તુને બ્રાઉઝ કરી શકે. JCCC સહકારી સંગઠનોમાં ભાગ લેનાર પુસ્તકાલયો અને માહિતી કેન્દ્રો દ્વારા નિર્દેશિત કરાયા મુજબ પસંદકૃત સામયિક સ્રોતોની રૂપાંતરિત વિષયવસ્તુ પૂરી પાડે છે. JCC અને JCCC નિયમિત અંતરે ઉપયોગકારોના ઈ-મેઇલ ખાતાઓમાં પસંદગીના સામાયિકોના વિષયવસ્તુને રૂપાંતરિત સારણી સીધી પૂરી પાડે છે. આ ઈ-મેઈલ સજાગતા સેવા My JOC તરીકે ઓળખાય છે. અહીં, ઉપયોગકારો સ્વૈચ્છિક રીતે તેમના રસની રૂપરેખાઓ સર્જે છે અને પ્રવૃત્તિઓના તેમના હાર્દરૂપ ક્ષેત્રોમાં કેટલાક સામયિકો પસંદ કરે છે. ઉપયોગકારોને અપૂર્ણતા યોગ્ય વર્તમાન માહિતી જરૂરિયાતો પૂરી પાડવા તે ઉપયોગકારોની રૂપરેખાઓ અને દસ્તાવેજ રૂપરેખાઓ સમકક્ષ જોડે છે.

J-Gate વર્તમાન માહિતી જરૂરિયાતો સંબંધિત માહિતી પૂરી પાડે છે. દાખલા તરીકે, સામયિકના વર્તમાન અંકોની વિગતોની સારણી વર્તમાન માહિતી જરૂરિયાતો સંબંધિત માહિતી પૂરી પાડે છે જ્યારે સામયિક લેખના સંદર્ભ સૂચિ માહિતી સંગ્રહો વિસ્તૃત માહિતી જરૂરિયાતોને સંબંધિત માહિતી પૂરી પાડે છે.

## 13.6 માહિતી સ્રોતોને સહાયક ઉપકરણો (AIDS TO INFORMATION SOURCES)

તમે મુદ્રિત અને અમુદ્રિત માધ્યમમાં ઉપલબ્ધ માહિતી સ્રોતો વિવિધ પ્રકારો, વિષે જાણો છો ? વિવિધ માહિતી પદ્ધતિઓ અને કાર્યક્રમો સ્થાનિક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જરૂરિયાતો અથવા કોઈ ખાસ વિદ્યાશાખાને સમર્પિત વિદ્વાનોની વિશિષ્ટ જરૂરિયાતોને પહોંચી વળવા સજ્જ થયેલ છે તમે એ પણ જોયું છે કે માહિતી સેવાઓ કેવી રીતે રૂપાંતરિત કરી શકાય છે અને રૂઢિગત બને છે. તમે અવલોકન કર્યું અને અનુભવ્યું હશે કે વિવિધ પ્રકારના માહિતી સેવાઓ વિષે વિચાર હોવાએ ઉચ્ચ સંતોષકારક માહિતી સેવા પૂરી પાડવા પર્યાપ્ત નથી. કેટલાક એવા સાધનોની વિભાગમાં આપણે તે પૈકી કેટલાકની ચર્ચા કરી રહ્યા હોઈશું.

પ્રત્યેક પ્રલેખ માહિતી સ્રોતને તેના વિષયવસ્તુ પરત્વે ચાવી હોય છે કે જેને આપણે વિષયવસ્તુની સારણી તરીકે ઓળખીએ છીએ. કેટલીકવાર તે વિષયસૂચિ પૂરી પાડે છે કે જે પ્રલેખો સંબંધી ખાસ સંકલ્પનાનો નિર્દેશ કરે છે. ઘણીવાર સમજૂતી નોંધો જેવા વધારાના સાધનો પ્રલેખ અથવા પ્રલેખના જૂથના માહિતી વિષયવસ્તુની સેવાઓ માહિતીના પ્રાથમિક સ્રોતોની ચાવી તરીકે કાર્ય કરે છે, એ જ રીતે તૃતિય માહિતી સ્રોત, પ્રાથમિક અને દ્વિતીય માહિતી સ્રોતની ચાવી તરીકે કાર્ય કરે છે. આ તમામ એટલે કે વિષયવસ્તુની સારણી, વિષયસૂચિ, સમજૂતી નોંધો, સેવાઓની સૂચિ, સંક્ષેપ સેવાઓ, સંદર્ભ સેવાઓની માર્ગદર્શિકાઓ, નિર્દેશિકાઓ વગેરે માહિતી સેવાઓના પ્રલેખ સાધનો તરીકે ગણાવી શકાય. સંદર્ભ ગ્રંથપાલ સ્રોતોના બિન પ્રલેખીય સાધન તરીકે ગણાય છે.

આ વિભાગમાં આપણે આપણી જાતને વિવિધ પ્રકારના માહિતી સ્રોતો અને તેને સંગત સાધનો તરીકે સંબંધિત કરીશું. શક્ય તેટલું આપણે વિવિધ પ્રકારના સાધનો માટે ઉદાહરણ પૂરા પાડવા પ્રયત્ન કરીશું કે જે દસ્તાવેજમાં સમાવિષ્ટ માહિતીના વિવિધ નમૂના સમજવામાં જરૂરી માહિતીનું ઝડપથી ક્ષતિપૂર્તિ કરવામાં અને તમારે હસ્તક ઓછી માહિતી સ્રોતો સારી રીતે કાર્ય કરવા તમને વધારે રજૂ કરશે. તે સંદર્ભ ગ્રંથપાલો સાથેના આપણો સામાન્ય અનુભવ છે કે ઘણીવાર આ સાધનો પ્રલેખમાં હોવા છતાં ખાસ માહિતી ક્ષતિપૂર્તિ કરવામાં નિષ્ફળ જાય છે. આ માટે વ્યક્તિએ ખાસ કૌશલ્યો વિકસાવવાની જરૂર પડે.

- **માહિતી સ્રોતો (Information Sources)**

ભૌતિક સ્વરૂપથી માહિતી સ્રોતોને પ્રલેખીય અને બિનપ્રલેખીય સ્રોતો તરીકે વિસ્તૃત રીતે વર્ગીકૃત કરી શકાય છે. આપણે માત્ર પ્રલેખ સ્રોતો સાથે જ માત્ર સંબંધ ... રહ્યા છે કે જે તેમના વિષયવસ્તુના આધારે પ્રાથમિક, દ્વિતીય અને તૃતીય સ્રોત તરીકે વર્ગીકૃત કરાય છે.

તેને ઉપર દર્શાવેલ પ્રકારના માહિતીના સ્રોતો માટે માહિતગાર છો અને તેમના વિષયવસ્તુ અને ઉપયોગો વિષે વિવિધ કક્ષાનું જ્ઞાન ધરાવો છો તમે તે પૈકી કેટલાક સાથે કામ કર્યું હશે આ પ્રકાશનોની પુસ્તકસૂચિઓ ત્યાં ઉપલબ્ધ હોય ત્યાં તમારા દ્વારા ઉપયોગમાં પણ લેવાય છે. મોટાભાગના હિસ્સાઓમાં તેની અવગણના થઈ છે તે છે સમજૂતી નોંધો છે જે ઘણીવાર સૌથી કિંમતી સાધનો તરીકે કાર્ય કરે છે. ચાલો આપણે આ સાધનો પૈકી કેટલાક સાથે માહિતગાર થઈએ.

- **માહિતી સ્રોતોના ઉપકરણોનો અર્થ : Meaning of Aids to Information Sources**

પ્રલેખ કે પ્રલેખના ભાગ અથવા વ્યક્તિ કે જે સ્રોતમાં આવશ્યક માહિતી શોધવામાં મદદ કરે છે તે માહિતી સ્રોતો પરત્વેના ઉપકરણ તરીકે ગણાય છે.

પ્રલેખ એ માહિતી સ્રોતોની માર્ગદર્શિકા હોય જેમ કે Bottles Use of Chemical literature પ્રલેખનો ભાગ વિષયવસ્તુનો કોઠો અથવા તેની નિર્દેશિકા હોય. ઉપકરણ તરીકે એક વ્યક્તિ સંદર્ભ ગ્રંથાલય હોઈ શકે. અન્ય ઉપકરણો પણ છે જેવા કે, વિષયવસ્તુની સારણી, નિર્દેશિકાઓ, સંકલિત વિષયવસ્તુ નિર્દેશિકાઓ, નોંધો, સારણીઓની યાદીઓ અને ચિત્ર નિરૂપણની યાદી કે જે આપણને શોધવામાં મદદ કરે છે. હવે, માહિતી સ્રોતો પરત્વે સાધનોના વિજાણું સ્વરૂપો વિવિધ કારણોસર લોકપ્રિયતા હાંસલ કરી રહ્યા છે. સામયિકો સંક્ષેપ અને નિર્દેશિકા સ્વરૂપો વિવિધ કારણોસર લોકપ્રિયતા હાંસલ કરી રહ્યા છે. સામયિકો સાર સંક્ષેપ અને નિર્દેશિકા માહિતી સંગ્રહો અને અન્ય માહિતી પેદાશો હવે ઓન લાઈન વિજાણું સ્વરૂપમાં ઉપલબ્ધ છે. એટલે કે ઈન્ટરનેટ આધારિત અને ઓફ લાઈન વિજાણું સ્વરૂપ એટલે કે સીડી રોમ આધારિત સંશોધકો માહિતી સ્રોતોના વિવિધ પ્રકારના પ્રવેશ માટે સમય અને સ્થળને ઉકેલી શકે.

**તમારી પ્રગતિ ચકાસો :**

12. માહિતી સ્રોતોના સહાયક ઉપકરણો દ્વારા તમે શું સમજો છો ?

નોંધ : (1) તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.

(2) તમારો જવાબ આ એકમને અંતે આપેલ જવાબો સાથે મેળવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

### 13.6.1 વિષયવસ્તુની સારણી (Table of Contents)

આપણે જેની સાથે સંબંધિત હોય તે પ્રત્યેક માહિતી સ્રોત. વિષયવસ્તુ સાથે પૂરો પડાય છે કે જેમાં વિષયવસ્તુના કોઠા અથવા માત્ર દસ્તાવેજોની વિષયવસ્તુઓની આવૃત્તિઓ પૂરી પડાય છે. Current Contents તરીકે ઓળખાતી જાણીતી વર્તમાન જાગ્રતતા સેવા સામયિકોના વિષયવસ્તુના કોઠા પર સંપૂર્ણ રીતે આધારિત છે. હાલ, Current Contents Connects - Current Contents નું ઈન્ટરનેટ સંસ્કરણ એ સામયિક વિષયવસ્તુ પરત્વે ઝડપી પ્રવેશ માટે Thomson ISI ની સૌથી વધારે શોધાતી સેવાઓ પૈકી એક છે. અસંખ્ય અભ્યાસુ સામયિકોની વિગતોનો કોઠો હવે પ્રકાશકોની વેબસાઈટ દ્વારા ઉપલબ્ધ છે. જ્યારે અને જેવું સામયિક અંક પ્રકાશિત થાય, વિદ્વાન સમાજના સભ્યો સામાન્ય સમય બંધનને પાર કરીને ઈન્ટરનેટમાં તે અંકની વિગતોના કોઠાનો પ્રવેશ કરી શકે છે. સંદર્ભ પરિષદ કાર્યવાહી, ટેકનીકલ અહેવાલો અને ખાસ સામયિક અંકો જેવા દસ્તાવેજોની વિગતોનો કોઠો કેટલીકવાર ઈન્ટરનેટ ઉપર અથવા પ્રકાશકની વેબસાઈટ દ્વારા અથવા વિક્રેતાની વેબસાઈટ દ્વારા અથવા યજમાન સંસ્થાઓની વેબસાઈટ દ્વારા (સભા કાર્યવાહીના કિસ્સામાં) શુક્ષ્મ હોય છે.

ઘણા કિસ્સાઓમાં વિગતોના સારણી પ્રલેખોની વિગતોની એક માત્ર ચાવી તરીકે કાર્ય કરે છે. ખાસ કરીને સંદર્ભ સાહિત્ય, પાઠ્યપુસ્તક સભા કાર્યવાહી, સંશોધન સામયિકોના વ્યક્તિગત અંકો અને ટેકનીકલ અહેવાલો જે પુસ્તકસૂચિ પૂરી પાડતા નથી. કેટલાંક કિસ્સાઓમાં વિગતોનો કોઠો નિર્દેશિકાઓ દ્વારા ભજવવાની ભૂમિકાને પૂરક બને છે. સંક્ષેપકરણ અને સૂચિ બનાવનાર સામયિકોના મોટાભાગના મુદ્રિત સંસ્કરણોમાં આ બાબત હોય છે.

### 13.6.2 નિર્દેશિકાઓ (Indexes)

નિર્દેશિકાઓ માહિતી સ્રોતો માટે સૌથી મોટું સાધન છે. આથી પ્રાથમિક, દ્વિતીય અને તૃતીય સ્રોતો તમામને થોડા અપવાદો સિવાય નિર્દેશિકાઓ હોય છે. નિર્દેશિકા લેખકોને તમામ શક્ય અભિગમો પૂરા પાડવાનો પ્રયત્ન કરે છે. પ્રલેખ નંબર (દા.ત. પેટન્ટ નંબર, અહેવાલ નંબર વગેરે) વિચાર વસ્તુ અને વાઙ્મયસૂચિ અથવા પ્રલેખો સાથે જોડાયેલાં ઉલ્લેખો પણ આથી, તે સ્વાભાવિક છે કે નિર્દેશિકાઓ ઘણી અને વિવિધસભર હોય છે અને નિર્દેશિકાઓના પ્રકાર અને સંખ્યા પ્રકાશનના સ્વરૂપ પર આધારિત છે. સારકરણ સામયિકો વચ્ચે Chemical Abstracts (CA) ને નિર્દેશિકાઓ સૌથી મોટી સંખ્યામાં હોય છે જેને વિસ્તૃત રીતે અંક સૂચિઓ (પ્રત્યેક એક સાથે બહાર પડાયેલ નિર્દેશિકાઓ) અને વોલ્યુમ (પ્રત્યેક વોલ્યુમ સાથે બહાર પડેલ સૂચિઓ) તરીકે વિસ્તૃત રીતે જૂથકૃત કરાય છે. CA ની પ્રત્યેક સૂચિઓ ચાવીરૂપ શબ્દસૂચિ, પેટન્ટ સૂચિ અને લેખક સૂચિનો સમાવેશ કરે છે. નિર્દેશિકાઓ, લેખક, વિષય, સૂત્ર, પેટન્ટ, રાસાયણિક પદાર્થ અને સૂચિઓના નોંધણી રબરનો સમાવેશ કરે છે. કેટલીકવાર માટે તેણે HAIC સૂચિ બહાર પાડી. બીજીબાજુ Biological Abstracts લેખન અને (જીવનશાસ્ત્રીય સાર) લેખન અને BASIC (સૂચિઓ Biosystemic સૂચિથી અલગ પડ્યા છે. Directory of Scientific Research Institution in India, ટૂંકારૂપો રાસાયણિક પૃથક્કરણ, પશુઘરો, સાલવારી, પરામર્શ, સાધન, germplasm institutions ચાવીરૂપ શબ્દો, અધિકારીઓ, સ્થળ, પ્રકાશનો, કસોટી સુવિધાઓ, તાલીમ સુવિધાઓ અને વિષયને સમાવી લેતી પંદર નિર્દેશિકાઓ પૂરી

પાડે છે. દા.ત. રાસાયણિક સાર અને જીવવિજ્ઞાન સાર દ્વારા પૂરી પડાતી નિર્દેશિકાની વિગતો નીચેના વિભાગોમાં યોગ્ય જગ્યાઓએ ચર્ચી છે.

- **વ્યક્તિગત કર્તા નિર્દેશિકા (Personal Author Index)**

આ માહિતી સ્રોતોના લગભગ તમામ પ્રકારોમાં જોવા મળતી. નિર્દેશિકામાં સૌથી સામાન્ય સૂચિ છે. આમાં લેખકોનું નામ, એન્ટ્રી નંબર અથવા પૃષ્ઠ નંબર સાથે જોડાયેલ હોય છે. આમ છતાં કેટલાક તફાવતો અસામાન્ય નથી. દા.ત. Referativnyi Zhurnal માં Slavic લેખકોના નામ Cytillic માં અને Roman પાત્રોમાં Non slavic લેખોના નામ જોવા મળે છે. નિર્દેશિકામાં જોવા મળતા Chemical Abstract ની લેખક સૂચિ પણ અન્યથી અલગ છે અને શીર્ષક અથવા તેના ભાગનો સમાવેશ કરે છે. દા.ત.

Rudolf, Paul F H
Production of city gas from solid
and liquid fuels 65:15112 e

**નિગમકર્તા નિર્દેશિકા (Corporate Author Index)**

ઘણા પ્રલેખો જેવા કે ટેકનીકલ અહેવાલો ધોરણો અને પેટન્ટ સંસ્થાઓ અને સંગઠનો જેવી સામૂહિક સંસ્થાઓ દ્વારા ઉત્પાદિત થાય છે. આમ સામૂહિક કર્તા પ્રલેખ સ્થાન નક્કી કરવા માટે અગત્યનો અભિગમ પૂરવાર થાય છે. Physical Abstracts, INISA tomindex વગેરે નિગમકર્તા નિર્દેશિકા પૂરી પાડે છે.

INIS Atomindex માંથી સામૂહિક લેખક નિર્દેશિકાનું ઉદારણ પુનઃઉત્પાદિત રજૂ કર્યું છે.




**કર્તા સંલગ્ન નિર્દેશિકા (Author Affiliation Index)**

સંશોધન કરતા શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સંશોધકો હંમેશા તેમના સંબંધિત ક્ષેત્રોમાં છેલ્લામાં છેલ્લા વિકાસને જાણવાનું વલણ રાખે છે. મુદ્રિત પ્રલેખોમાં જોવા મળતી માહિતી (મોટેભાગે જૂની થઈ ગયેલી) સંશોધકને એવી વ્યક્તિઓ કે જે સંબંધિત સમસ્યાની નજીકથી અથવા તે જ બાબતની તપાસ કરવામાં સંપર્કો માટે આભારી કરે છે આ જ પરિબળ Science citation index, Social citation Index, Current contents અને Engineering Index વગેરેમાં જોડાણ નિર્દેશના પ્રવેશને ન્યાયપૂર્ણ બનાવે છે. Science citation Index-Source Index (Jul-Aug 2004) માંથી નીચે મુજબ ઉદાહરણ બનાવાયું છે.



**તમારી પ્રગતિ ચકાસો :**

13. લેખક જોડાણ નિર્દેશ શું છે ? તે સહકારી લેખક નિર્દેશથી કેવી રીતે પૂરી પડે છે ? પહેલાના કાયદો માહિતી સ્રોત માટે કેટલો મદદરૂપ થઈ શકે છે ?

નોંધ : (1) તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.
(2) તમારો જવાબ આ એકમને અંતે આપેલ જવાબો સાથે મેળવો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

**વ્યક્તિગત નિર્દેશિકા (Personal Index)**

કેટલીક નિર્દેશિકાઓમાં આપણે આ પ્રકારની સૂચિઓ સામનો કરીએ છીએ. સંસ્થાની નિર્દેશિકા સામાન્ય રીતે તેના મુખ્ય અધિકારી અને અન્યોનો સમાવેશ કરે છે. એ જ રીતે સંશોધન યોજનાઓની નિર્દેશિકા સામાન્ય રીતે સંશોધકો અને નિષ્ણાંતોના નામનો સમાવેશ કરે છે. આથી, કર્મચારી ગણસૂચિ વ્યક્તિને તેના હોદ્દા અને સરનામા સાથે સોંપવામાં મદદ કરે છે.

Commonwealth Universities Yearbook, Directory of Scientific Research Institutions India વગેરે કર્મચારીગણ નિર્દેશ પૂરા પાડે છે.

**વિષય નિર્દેશિકાઓ (Subject Indexes)**

તમામ નિર્દેશોમાંથી વિષય નિર્દેશ સૌથીવધારે અગત્યનો નિર્દેશ છે અને પ્રકાશનોની લગભગ તમામ કક્ષાઓમાં જોવા મળે છે. આ પ્રલેખોનાં વિચાર વિગતોની ચાવી છે. સંદર્ભિત પ્રલેખોની સાચી પુનઃપ્રાપ્તિની ખાતરી કરવા માટે વિષય નિર્દેશોના વિવિધ પ્રકારો જેવા કે PRECIS, KWIC, KWAC, KWOC ને ઉત્કૃષ્ટ કરાયા છે. આ નિર્દેશો પૈકી થોડાં નિર્દેશોની અહીં ચર્ચા કરાઈ છે.

Chemical Abstracts (CA) of Chemical Abstracts services (CAS) વિવિધ નિર્દેશો પૂરા પાડે છે.

**(1) ચાવીરૂપ શબ્દ નિર્દેશિકા (Keyword Index)**

CA નો પ્રત્યેક અંક ચાવીરૂપ શબ્દનાં નિર્દેશ પૂરો પાડે છે. આમ છતાં તે BASIC જેવા ચાવીરૂપ શબ્દ નિર્દેશો કરતાં અલગ છે. અહીં, કક્કાવારી પ્રમાણે ગોઠવાયેલ પ્રત્યેક ચાવીરૂપ શબ્દ વિષય વિગતો દ્વારા અનુસરાય છે. કે જે સામાન્ય રીતે પછીની લીટીમાં આવે છે. દા.ત.

Acetoacetamide
    Hydroxyl cyclocondensation acyl
        Chloride 175635g
Acetracetate
    Allylation molybdenum diphos
        Catalyst 175186m
    Detn. Urine 172231m
    Reaction product picryl chloride 175315 c

CA માં અવારનવાર ઉપયોગમાં લેવાતા ઘણા આવા શબ્દો સાર અને નિર્દેશોમાં ટૂંકાક્ષરી બનાવાય છે આગળનાં ઉદાહરણમાં 'detn' એ નિશ્ચયના સ્વરૂપનું ટૂંકાવેલા સ્વરૂપ છે.

**(2) પરંપરાગત વિષય નિર્દેશિકા (Conventional Subject Index)**

પરંપરાગત વિષય નિર્દેશએ CA નાં વોલ્યુમ નિર્દેશો પૈકી એક છે અને Chemical substance Index અને General Subject Index એ ભાગોનો સમાવેશ કરે છે.

**(a) રાસાયણિક તત્ત્વ નિર્દેશિકા (Chemical Substance Index)**

રાસાયણિક પદાર્થ નિર્દેશ એ CA નિર્દેશ નામોની કક્કાવારી યાદીનો સમાવેશ કરે છે. તે પૈકી પ્રત્યેક વિશિષ્ટ રાસાયણિક પદાર્થને ઓળખી કાઢે છે. તેમના યોગ્ય સારક્રમને જોડાયેલા CAS Registry Numbers આ નિર્દેશ સાથે પૂરા પડાય છે. નોંધો પુસ્તક સુધારણા અભિવ્યક્તિનો પણ સમાવેશ કરે છે કે જે અભ્યાસ કરાયેલા પદાર્થોની કેટલીક બાબતોનું વર્ણન કરે છે.

```
Benzoic acid (65-85-0)   <-------- CAS Registry Number
    B 1246g, R 286956
Benzoic acid (65-85-0)   <--------
    Chromatog of 75444t
    Detn. of, in food 41804 d
```

**(b) સામાન્ય વિષય નિર્દેશિકા (General Subject Index)**

આ નિર્દેશ વિષય શબ્દો જેવાં કે રાસાયણિક પ્રતિક્રિયાઓ રાસાયણિક પદાર્થોના વર્ગો અને છોડ અને પ્રાણીના જાતિઓના વૈજ્ઞાનિક નામને જોડે છે. તેમનાં CA સારક્રમોની સંગત સાથે મોટાભાગની નોંધો પુસ્તક સુધારણા/અભિવ્યક્તિનો સમાવેશ કરે છે કે જે મૂળ પ્રલેખમાં આવરી લેવાયેલ મુદ્દાની બાબતોનું આગમ વર્ણન કરે છે.

```
Carbohydrates and sugars, analysis
    detn. of
        in beer and worts 76371 q
        in sugarbeet 171845 f
Carbohydrates and sugars, compounds
    lignin
        complexes 35515 w.
```

**(3) મુખ્યકસૂત્ર નિર્દેશિકા (Formula Index)**

પ્રત્યેક રાસાયણિક પદાર્થ માટે વિશિષ્ટ અણુસૂત્રો/વ્યાખ્યાઓ છે અને આથી Formula Index રાસાયણિક સાહિત્ય શોધવા માટે સારો અભિગમ પૂરો પાડે છે. સંયોજનોનું રાસાયણિક સૂત્ર જાણવું એ સૂત્રનિર્દેશ હલ કરવા પૂરતું નથી કારણ કે તે રાસાયણિક સૂત્ર રજૂ કરવા માટે એક વિશિષ્ટ માર્ગ અનુસરે છે. આ કિસ્સામાં રાસાયણિક સૂત્ર રજૂ કરવા માટે એક વિશિષ્ટ માર્ગ અનુસરે છે. આ કિસ્સામાં રાસાયણિક સૂત્રો કક્કાવારી પ્રમાણે ગોઠવાય છે. રાસાયણિક સૂત્રમાં ચિત્રાત્મક તત્ત્વો પણ વિશિષ્ટક્રમમાં ગોઠવાય છે. જેથી તે પરંપરાગત સૂત્રોમાં ચિત્રાત્મક તત્ત્વો પણ વિશિષ્ટક્રમમાં ગોઠવાય છે. જેથી તે પરંપરાગત સૂત્રોમાં જોવા મળતા તત્ત્વોના ક્રમમાં ફેરફારમાં પરિણમે છે. દા.ત. $C_{11}H_{18}N$ માં Benzenemethanumininum માટે પરંપરાગત સૂત્ર C, H અને N ના કક્કાવારી ક્રમમાં અનુસરીને Formula Index અણુસૂત્રને તેમના CA નિર્દેશ નામો CAS Registry Numbers and CA સાર સંખ્યાઓ સાથે જોડે છે. દા.ત.

```
C11H18N
Benzenemethanaminium, N-ethyl-N, N-dinaethyliodide [7375-17-9], P 39849
Pyridinum, 1-hexyl-chloride       [6220-15-1],          82373 p
                                        ↓                    ↓
                              CAS Registry Number   CA Abstract Number
```

**(4) CAS નોંધણી ક્રમાંક (CAS Registry Number)**

CAS નોંધણી પદ્ધતિ કમ્પ્યૂટર આધારિત પદ્ધતિ છે જે સ્વયંસંચાલિત રીતે રાસાયણિક પદાર્થોના

દ્વિપરિમાણીય રચના આકૃતિઓને ઓળખી કાઢે છે અને પ્રત્યેકને અલગ CAS નોંધણી નંબર આપે છે. આ નંબર (સંખ્યા) CA નિર્દેશ નામ અને અન્ય માહિતી સાથે અણુ માળખાને જોડવા માટે પછીથી વધારે મોટી પ્રક્રિયા પદ્ધતિ ઉપયોગમાં લેવાય છે. 1965માં દાખલ કરાયેલ CAS નોંધણી પદ્ધતિએ 2004નાં અંત સુધીમાં 12 મિલિયન કરતાં વધારે અદ્વિતીય માળખાની નોંધ કરી છે નવી રચનાઓ પ્રત્યેક વર્ષે 1 મિલિયન કરતાં વધારાના દરે સર્જાય છે.

BIOSIS ના Biological Abstracts (BA) એ વિષયસૂચિની વિવિધતા પૂરી પાડે છે તે છે.

(i) BASIC

KWIC નિર્દેશના સારા ઉદાહરણ BASIC (Biological Abstracts subjects in context) એ વિશ્વમાં શરૂઆતની સંચાલિત સ્વયંસંચાલિત નિર્દેશો પૈકીનું એક છે. નિર્દેશ ત્રણ સ્તંભોમાં વિભાજિત કરાયેલ છે. શીર્ષકમાં જોવા મળતો પ્રત્યેક ચાવીરૂપ શબ્દ બીજા સ્તંભમાં કક્કાવારી પ્રમાણે જોવા મળે છે. બીજા સ્તંભમાં પ્રથમ શબ્દને આગળ આવીને અને પાછળ આવીને શિર્ષકના ભાગો સંદર્ભ પૂરો પાડે છે. દા.ત. શિર્ષક 'Biological acclimatization of animals' નિર્દેશમાં ત્રણ વખત દેખાશે કારણ કે તેને ત્રણ ચાવીરૂપ શબ્દો છે. દા.ત. જીવશાસ્ત્રીય પર્યાવરણ અનુરૂપતા અને પ્રાણીઓ નિર્દેશ નીચેનું સ્વરૂપ ધારણ કરશે.

| | | |
|---|---|---|
| Biological | *acclimatization* of animals | 005069 |
| acclimatization | *animals*/ Biological | 005069 |
| of animals | *Biological* acclimatization | 005069 |

**તમારી પ્રગતિ ચકાસો :**

14. BASIC નું ઉદાહરણ લઈને ચાવીરૂપ શબ્દ નિર્દેશિકા સમજાવો.

નોંધ : (1) તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.

(2) તમારો જવાબ આ એકમને અંતે આપેલ જવાબો સાથે મેળવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

### (ii) Biosystematic Index

Biosystematic Index અંક અથવા વોલ્યુમમાં પ્રકાશિત સારના નંબર સાથે સાથે વર્ગીકરણાત્મક કક્ષાઓની યાદી આપે છે. પ્રત્યેક વર્ગીકરણાત્મક કક્ષા હેઠળ તે કક્ષા સાથે સંલગ્ન સજીવની બાબતમાં માહિતી અપાય છે. ઉપરાંત ... વિષય અથવા પેટા વિભાગને રજૂ કરતું નોંધણીની બાજુમાં દેખાતું ટૂંકાક્ષરીરૂપ સંક્ષેપના સ્વરૂપ વિષે વધારે આંતરસૂઝ પૂરી પાડે છે. દા.ત.

| | | | |
|---|---|---|---|
| **Algae** | | | |
| | **Chlorophyta** | **Genet Plant** | **10744** |
| | **Chlorophyta** | **Ocean Limnol** | **11025** |
| Taxonomic Category | | | |
| | Taxonomic Subcategory | Abbreviation of BA Subject Section for Genetics and Cytogenetics, Plant<br>Abbreviation of BA subject Subsection for Oceanography and Limmology | Abstract No. |

ISI Science citation Index (SCI), Social Science Citation Index (SSCI) અને arts and Humanities citation Index CASHCI Permuterm subject Index તરીકે ઓળખાતો વિષય નિર્દેશ પૂરો પાડે છે.

**પરિવર્તિત વિષય નિર્દેશિકા (Permuterm Subject Index)**

Science Citation Index (SCI) અથવા Social Science Citation Index (SSCI) અથવા Arts Humanities Citation Index (ASHCI) નો ભોગ રચતી આ નિર્દેશ વિનિમય નિર્દેશ છે જે સામયિક લેખોના શીર્ષક શબ્દો, પુસ્તકના પ્રકરણ અથવા પુસ્તક પર આધારિત છે. નિર્દેશમાં પ્રત્યેક મહત્ત્વના શીર્ષક શબ્દને શીર્ષકમાં દેખાતા અન્ય શબ્દો સાથે જોડાય છે. પ્રત્યેક શીર્ષકકૃત શબ્દ કક્કાવારી ક્રમમાં ગોઠવાયેલ એ વારાફરતી પ્રાથમિક શબ્દ બને છે.




ઉદાહરણમાં પ્રત્યેક સહશબ્દએ પુસ્તકના સૂચન અથવા લેખકના નામથી અનુસરાય છે જો લેખકનું નામ દ્વારા અગાઉ આવે છે તો વ્યક્તિએ સ્રોત નિર્દેશમાં લેખકના નામ હેઠળ સીધું જ જોઈ લેવું કે જ્યાં તે પ્રાથમિક શબ્દ અને સહશબ્દ સમાવતા લેખની સંપૂર્ણ સંદર્ભસૂચિ વિગતો શોધશે. મૂળભૂત રીતે આ નિર્દેશ એ મુખ્યત્વે સંદર્ભસૂચિનું સંપાદન કરવા વિવિધ મુદ્દાઓ પર લેખો શોધવા માટે ઉપયોજીત થાય છે.

**પ્રલેખ પરત્વે નિર્દેશિકા (Indexs to Documents)**

લેખો ઉપરાંત સારકરણ અને નિર્દેશિકરણ સેવાઓ પણ પેટન્ટ, ટેકનીકલ અહેવાલો, પરિષદ કાર્યવાહીઓ પુસ્તકો અને વાઙ્મયસૂચિઓને આવરી લે છે અને આ પ્રલેખોની પુનઃપ્રાપ્તિની સરળતા ઊભી કરવા નિર્દેશો પૂરા પાડે છે. આપણે આ તમામ નિર્દેશોનું વર્ણન કરીશું.

**(1) એકસ્વ નિર્દેશિકા (Patent Index)**

રાસાયણિક સારમાં patent નિર્દેશોએ પેટન્ટ કચેરીઓની કક્કાવારી યાદી છે પ્રત્યેક દેશ માટે યાદીમાં પેટન્ટએ ઉતરતા ક્રમમાં ગોઠવાયા હોય છે. પ્રત્યેક પેટન્ટ ક્રમએ કાં તો CA સાર નંબર અને તમામ સ્થાન પ્રલેખોના સંપૂર્ણ ઈતિહાસ દ્વારા અથવા પેટન્ટ પરિવારમાં પ્રથમ સાર કરાયેલ પેટન્ટના ક્રમ પરત્વે પ્રતિસંદર્ભ દ્વારા અનુસરાય છે. અગાઉનો patent concordance Index એ પેટન્ટ નિર્દેશ દ્વારા ત્યારથી સ્થાન ફેર કરાયો છે. તેમાંની નોંધ નીચે અપાઈ છે.

DE (Germany)

2361142 A1, 82:3320p

FR 2210654 A1

GB 1417525 A

AT (Australia)

6252 E, see EP 36636 A1

### (2) તકનીકી અહેવાલ પરત્વે નિર્દેશિકા (Index to Technical Reports)

ટેકનીકલ અહેવાલો પરમાણુ, અવકાશ અને સુરક્ષા વિજ્ઞાનના ક્ષેત્રમાં અગત્યના પ્રલેખો રચે છે ટેકનીકલ અહેવાલો આવરી લેતાં કેટલીક દ્વિતીય સેવાઓ ટેકનીકલ નંબરને લગતી થોડી નોંધો. INIS Atomindex ગ્રંથ 78ના અહેવાલ, ધોરણ અને પેટન્ટ ક્રમ નિર્દેશ પુનઃ ઉત્પાદિત થાય છે. તેમાંથી એક નોંધ નીચે અપાઈ છે.




### (3) પરિષદ પ્રલેખ પરત્વે નિર્દેશિકા (Index to conterence Document)

Engineering Index જેવી અસંખ્ય દ્વિતીય સેવાઓ દ્વારા પરિષદ પ્રલેખો આવરી લેવાય છે. કેટલીક સેવાઓ પરિષદ પ્રલેખો માટે અલગ નિર્દેશો પૂરા પાડે છે. 1990નાં Engineering Index Annual માંથી ઉદાહરણ અપાયું છે.




### (4) ISSN નિર્દેશિકા (ISSN Index)

આંતરરાષ્ટ્રીય મુદ્રિત પ્રકાશન માહિતી પદ્ધતિના આગમન થયાની પ્રત્યેક મુદ્રિત પ્રકાશનને અચૂક ઓળખની સરળતા આપવા માટે International Standard Serial number (ISSN) થી ઓળખતા અદ્વિતીય ક્રમ પૂરો પડાઈ રહ્યો છે. આમ ISSN કોઈ મુદ્રિત પ્રકાશનનું સ્થાન શોધવા ખૂબ સારો અભિગમ બન્યો છે. Ulrich's international periodicals Directory, serial Directory વગેરે ISSN નિર્દેશિકા પૂરી પાડે છે. નીચેનું ઉદાહરણ Ulrich's International Periodical Directory 1996, 34th આવૃત્તિમાંથી પુનઃનિર્માણ કરાયું છે.

| ISSN Number | Name of Periodical | Page |
|---|---|---|
| 0019-5987 | Indian Museum Bulletin | 4812 |
| 0019-6002 | Indian National Bibliography | 510 |
| 0019-6061 | Indian Periodicals | 4521 |

### (5) સ્થાન નિર્દેશિકા (Place Index)

નકશાઓ, ગેઝેટીયર્સ, કેટલીક ડિરેક્ટરીઓ, સારકરણ/નિર્દેશિકરણ સેવાઓ, રેલવે ટાઈમટેબલ સ્થળ નિર્દેશો પૂરા પાડે છે. એટલાસનો સ્થળ નિર્દેશ અન્ય સ્થાન નિર્દેશિકામાંથી અલગ હોય છે. કારણ કે

પૃષ્ઠ ક્રમાંક કે જેમાં નકશાના ખાસ દર્શાવ્યું હોય તે સાથે સાથે સ્થાનના અક્ષાંશ અને રેખાંશ પૂરા પાડે છે.

**(6) ટૂંકાક્ષરી શબ્દોની નિર્દેશ (Abbreviations Index)**

વિવિધ પ્રકારનાં પ્રકાશનો જેવા કે નિર્દેશિકાઓ, વાર્ષિકી અને દ્વિતીય કક્ષાની સેવાઓ જેવી કે Chemical Abstracts માં ઉપયોજીત થાય છે. આથી આવા ઘણા પ્રકાશનોમાં ટૂંકાક્ષરી શબ્દોની યાદી તેઓને સંગત વિસ્તારો સાથે જોવા મળે છે.

**(7) કાળક્રમ નિર્દેશિકા (Chronological Index)**

આ સૂચિ કેટલાક ઐતિહાસિક પ્રકાશનો નિર્દેશિકાઓ વગેરેમાં સામાન્ય રીતે જોવા મળે છે. માહિતીનો પ્રકાર નિર્દેશિકાથી નિર્દેશિકા સુધી અલગ પડે. કેટલાક ઉદાહરણો આ મુદ્દાનું સ્પષ્ટીકરણ કરશે. Directory of scientific Research Institution of India માંથી લીધેલ કાર્યક્રમ નિર્દેશિકાનો નીચેનો ભાગ 1990માં ભારતમાં સ્થપાયેલ. વૈજ્ઞાનિક સંસ્થાઓ દર્શાવે છે.

| |
|---|
| Agricultural Research stations, Arbhair |
| Indian Institution of Science, Banglore |

સમય નિર્દેશિકા World meetings out side United states and canada ભવિષ્યની પરિષદોની વિવિધ પરિયોજીતા સમય દર્શાવે છે. નિર્દેશમાં પ્રત્યેક નોંધ ક્રમિક રીતે તારીખ, સ્થળ, પ્રયોજક, સભાના વિવિધ શીર્ષકોના ચાવીરૂપ શબ્દો અને નોંધણી ક્રમ દર્શાવે છે.

### 13.6.3 સંકલિત વિષયવસ્તુ અને નિર્દેશિકાઓ (Cumulative Contents And Indexes)

પ્રાથમિક સામયિકનો પ્રત્યેક અંક વિગતોની સારણીમાં સમાવેશ કરે છે અને વિષય નિર્દેશિકા વાર્ષિક અંકની સાથે સાથે વર્ષમાં એકવાર પૂરી પડાય છે. ઘણાં સામયિકોમાં વિગતોનો નિર્દેશ, વાર્ષિક રીતે સંચિત થાય છે અને વિષય નિર્દેશો કેટલીકવાર બહાર પડાય છે. દાખલા તરીકે એસ. Index to the Publication of the Asiatic society 1788-1953- એસ. ચૌધરી દ્વારા સંપાદિત પૂરું પાડે છે.

(1) Asiatic Researches, Journal (1953 સુધીની ત્રણ શ્રેણીઓ) Memoris અને Miscellaneous ગ્રંથ-1માં લેખક નિર્દેશ અને

(2) Bibliotheca India નિર્દેશ અને મોનોગ્રાફ અને સૂચનાઓ અને કાર્યવાહીઓ પરત્વે લેખક નિર્દેશો વિશ્વમાં ઘણા સામયિકોએ સંચિત નિર્દેશો બહાર પાડે છે.

દ્વિતીય સામયિકો પણ વાર્ષિક, પંચ વર્ષીય, દસ વર્ષીય સંચયી નિર્દેશો બહાર પાડે છે. chemical abstract એ લેખક, વિષય, પેટન્ટ અને સ્તર નિર્દેશોને આવરી લેતાં અસંખ્ય સંચયો બહાર પાડ્યા છે. આ સંચયો મોટાભાગે પંચવર્ષીય અને દશવર્ષીય હોય છે. તાજેતરમાં Chemical Abstract Service એ સીડી પર CA સંગ્રહિત નિર્દેશોનાં 25 વર્ષે બહાર પાડ્યા છે. જે 1977 થી 2000ના વૈજ્ઞાનિક પ્રલેખોના સગવડતાપૂર્ણ વિજાણું સંદર્ભો છે. તે 58 ડિસ્કમાં 13.7 મિલિયન સંક્ષેપો અને 2.7 મિલિયન પેટન્ટ સમાન સંદર્ભોને આવરી લે છે.

આ નિર્દેશિકાઓ નિઃશંકપણે માહિતી સ્થાન જાણવા માટે ખૂબ કિંમતી સાધનો છે અને અલબત્ત વિજાણું શોધમાં સંશોધકો ખૂબ જ સમય અને શક્તિ બચાવે છે. હવે ASI પ્રકાશકો ઇન્ટરનેટ મારફતે વધારે લવચીત શોધ સુવિધાઓ સાથે દ્વિતીય માહિતી સંગ્રહોના વધારે વિસ્તૃત સંગ્રહો આપે છે.

### 13.6.4 સારણીઓની યાદી (List of Tables)

ઘણીવાર વાચકો આંકડાકીય માહિતીમાં રસ ધરાવે છે. અંકશાસ્ત્રીય પ્રકાશનો, હેન્ડબુક, વાર્ષિકી વગેરે. મોટા પ્રમાણમાં આંકડાકીય માહિતીનો સમાવેશ કરે છે. આ ઉપરાંત કેટલાક સામયિક જેવાં કે RBI Bulletin, મોનોગ્રાફ અને અન્ય પ્રકાશનો પણ આંકડાકીય માહિતીનો સમાવેશ કરે છે. પુસ્તકમાં આંકડાકીય માહિતી સમાવિષ્ટ હોવાના કારણે કોઠાની યાદી પણ પૂરી પડાય છે. યાદી વાચકોને કોઠાઓ સુધી પહોંચવામાં મદદ કરે છે કે જે જરૂરી માહિતીનો સમાવેશ કરે છે અને એ રીતે તેમનો ખૂબ કિંમતી સમય બચાવે છે. નીચેનું ઉદાહરણ તમને કોઠાઓની યાદી વિષે વિચાર પ્રદાન કરશે કે જે ખૂબ જ સાદી રીતે ગોઠવાયો છે.

**List of Tables**


| | | |
|---|---|---|
| 1.1 | Human Development Profile of Rural India, 1994: Selected Indicators for States | 7 |
| 1.2 | Human Development Profile of Rural India, 1994: Selected Indicators for Population Groups | 8 |
| 2.1 | Rural Sample by States | 18 |
| 3.1 | Levels of Income and Poverty Line by States | 25 |
| 9.1 | Percentage of Villages and Availability of Different Facilities by States | 188 |
| 9.2 | Relationship between Village Development Variables and Selected HDIs | 192-194 |
| Annex 1 | Allocation of Sample Households in States | 220 |
| Annex 2 | Estimated Parameters for States and Standard Errors | 221-224 |


### 13.6.5 ચિત્ર વિરૂપણોની યાદી (List of illustrations)

કેટલાક પ્રકાશનો ચિત્ર નિરૂપણો જેવા કે નકશા, તૈલચિત્ર, છબીઓ વગેરેની યાદી પૂરી પાડે છે અને તેથી પ્રલેખમાં નમૂનાઓના ઝડપી સ્થાનની ખાતરી થાય છે. દેખીતી રીતે આ યાદીઓ વ્યક્તિની છબી અને સ્થાન જાણવા માટે જરૂરી સાધનો પણ છે.

### 13.6.6 ખુલાસારૂપ નોંધો (Explantory Notes)

ઉપયોગકારને પ્રલેખમાં સમાવિષ્ટ માહિતીની પ્રત્યેક બાબત સરળતાથી સમજી શકાય એવી નિર્દેશિકાઓ અને માહિતીના અન્ય સ્રોતો ખુલાસારૂપ નોંધો પૂરી પાડે છે. તેના જુદા જુદા નામથી ઓળખી શકાય પરંતુ હેતુ સમાન રહે છે. સામાન્ય રીતે, ગ્રંથપાલ, સંદર્ભ પુસ્તકોમાં પૂરા પાડેલા આવા ખાસ સાધન તરફ ધ્યાન આપતો નથી અને તેથી માહિતીના સ્રોત ઉપર સંપૂર્ણ કાબૂ મેળવવામાં તે નિષ્ફળ જાય છે.

માહિતી સ્રોતો સતત રીતે વધારે અને વધારે જટિલ બની રહ્યા છે. આ સ્રોતોના અવારનવાર ઉપયોગકર્તા હોવાના નાતે વાચકો સામાન્ય રીતે કેટલીક નિશાનીઓ, પ્રતીકો, રજૂઆતો અને ખુલાસાઓથી જાણકાર હોતા નથી આથી તેમને મદદ શોધવી પડે છે. દાખલા તરીકે શબ્દકોષનો પરામર્શ કરતા વાચક કેટલાક શબ્દો શાથી capital letter થી શરૂ થાય છે જ્યારે અન્ય થતા નથી એ ન જાણતા હોય આવી મુશ્કેલીઓ પાર પાડવામાં ખુલાસારૂપ નોંધો મદદ કરે છે.

websteris seventy new colleyiate Dictionary માં પૂરી ખુલાસારૂપ નોંધો 21 મથાળા હેઠળ વિવિધ બાબતો સમજાવે છે.

(1) મુખ્ય નોંધ (2) ઉચ્ચાર (3) કાર્યાન્વિત હેતુઓ (4) પ્રત્યયવાળું રૂપ (5) કેપીટલ મૂકવો તે (6) વિધેય નામો (7) વ્યુત્પતિ શાસ્ત્ર (8) સ્થાન લેબલ (9) બુદ્ધિ વિભાગ (10) પ્રતીકાત્મક અર્ધવિરામ (11) વિષય લેબલ (12) શાબ્દીક ચિત્ર નિર્દેશન (13) છોડવાઓના નામ અને પ્રાણીઓ (14) આયોજન નોંધો (15) ક્રોસ સંદર્ભો (16) runon નોંધો (17) સમાનાર્થી (18) સંયોજન રૂપો (19) શબ્દ ભંડોળ નોંધ (20) સંજ્ઞાવાચક નામો અને (21) સંક્ષેપાક્ષરો

આ તમામ બાબતો જોઈ લઈને અને તેમની અગત્ય સમજીને તેને શબ્દકોષોને લગતા પ્રશ્નોનો સબંધ ધરાવતા માટે વધારે સજ્જ હશો. આ અન્ય પ્રકાશનોના ખુલાસાનોંધોની બાબતમાં પણ સાચું છે.

**તમારી પ્રગતિ ચકાસો :**

15. દસ્તાવેજમાંથી માહિતીની પુનઃપ્રાપ્તિમાં ખુલાસા નોંધોની ભૂમિકાનું વર્ણન કરો.

નોંધ : (1) તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.

(2) તમારો જવાબ આ એકમને અંતે આપેલ જવાબો સાથે મેળવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

### 13.6.7 અભ્યાસ પ્રવેશિકા (Propadia)

Macropaedia રચતા 20 ગ્રંથોના વિશાળ સંગ્રહમાંથી જરૂરી માહિતી શોધવા સાધન સજ્જતાનું અદ્વિતીય ઉદાહરણ New Encyclopedia Britanica નું અભ્યાસ પ્રવેશિકા (Propaedia) છે. માઈક્રોપીડિયામાં સમાવિષ્ટ માહિતી માટે Propedia બિનકક્કાવારી માર્ગદર્શિકા છે. તેમાં જ્ઞાનને 10 મુખ્ય વિભાગોમાં વિભાજીત કરાઈ છે. (1) પદાર્થ અને ઊર્જા (2) પૃથ્વી (3) પૃથ્વી પર જીવન (4) માનવ જીવન (5) માનવ સમાજ (6) કલા (7) ટેકનોલોજી (8) ધર્મ (9) માનવ ઈતિહાસ (10) જ્ઞાનની શાખાઓ. પ્રત્યેક વિભાગ Macropaedia માં ચિત્રિત થતા લેખો તરફ સૂચકો આપતાં ફરી વિભાજીત થયા છે. મુદ્દા પર રજૂ થયેલ માહિતીના સંપૂર્ણ ચિત્રને મેળવવા માટે Propaediaનો પરમાર્શ અનિવાર્ય શરત છે.

### 13.6.8 સારકરણ/નિર્દેશીકરણ સેવાઓ (Abstracting/Indexing Services)

નવા સંશોધન તારણો, મૂળ વિચારો, શોધો, નવીનીકરણ વગેરેની સેંકડો ભાષાઓમાં સમગ્ર વિશ્વમાં પ્રગટ થતા વિવિધ પ્રકારના અસંખ્ય પ્રલેખોમાં માહિતી રજૂ થાય છે. એવું અવલોકવામાં આવ્યું છે કે મૂળ વૈજ્ઞાનિક સાહિત્ય 66 ભાષાઓમાં વિશ્વના 130 દેશો કરતાં વધારે દેશોમાંથી પ્રસરી રહ્યું છે SST સમાજવિજ્ઞાનો, કલા અને ભાષા વિજ્ઞાનોને આવરી લેતાં તમામ મૂળ સાહિત્યને જો આપણે લઈએ તો સાહિત્યની સંખ્યા સાથે અસંખ્ય ભાષાઓ અને દેશ ચોક્કસ ઉપર જશે. આવા સાહિત્યનું કુલ ઉત્પાદન પ્રતિવર્ષ અમુક મિલિયન અંદાજાયું છે. આ સાહિત્યના વિશાળ ઉત્પાદનને આશ્રય આપતા આ તમામ પ્રલેખો તમે જાણો છો તે મુજબ માહિતીના પ્રાથમિક સ્રોત છે. વાચકને બધા નહીં પણ અમુક સુધી સીધા જ પહોંચાય. સંશોધકને તેના સંશોધનના સંકીર્ણ ક્ષેત્ર સાથે સંપર્ક કરાવતા તમામ દસ્તાવેજો વિષે જાણવાનું ગમે છે. આના માટે કેટલાક સાધનો અનિવાર્ય છે. સારકરણ અને નિર્દેશીકરણ સાધનો છે કે જે સંશોધકો, વાઙ્મયસૂચિકારો અને અન્યોને સાહિત્યના અકલ્પ્ય વિશાળ જંગલમાંથી જરૂરી માહિતી યુક્તિપૂર્વક દૂર કરવા મદદ કરે છે. કમ્પ્યૂટર આધારિત માહિતી સંગ્રહના આગમન સાથે શોધ સરળ અને સમય ઓછા ખર્ચની બની છે આમ છતાં આપણા વૈજ્ઞાનિકોને માનવીય શોધોની કિંમતની તુલનામાં શોધની કિંમત વધારે ઊંચી લાગે છે.

A/I સેવાઓ અત્યારે વિજાણું સ્વરૂપમાં તથા છાપેલ સ્વરૂપમાં ઉપલબ્ધ છે. વીજાણું સ્વરૂપમાં આ માહિતી ઓનલાઈન અથવા ઓફ લાઈન પ્રાપ્ય છે. ઓફ લાઈન વિજાણું સ્વરૂપને સીડી રોમ આધારિત છે કે જે વજનદાર મુદ્રિત ગ્રંથોમાંથી મુક્તિ આપે છે. ઓનલાઈન સેવાઓ અત્યારે ઇન્ટરનેટમાં હોય છે અને અન્ય ઓન લાઈન પદ્ધતિએ તેમની પ્રસ્તુતા ગુમાવી છે.

### 13.6.9 ગ્રંથસમીક્ષા (Book Review)

વર્તમાનપત્રો સામયિકો અને જ્ઞાન સામયિકો તાજેતરમાં પ્રકાશિત થયેલા બિન સામયિક પ્રલેખો જેવા

કે મોનોગ્રાફ, ટેકનીકલ અહેવાલો, અભ્યાસ અહેવાલો, સભા કાર્યવાહી, સંદર્ભ સામગ્રી વગેરે કે જે આ વિભાગોમાં સમાવેશ કરવા માટે વિસ્તૃત રીતે વર્ગીકૃત કરાયા છે તેમની પુસ્તક આલોચનાને નિયમિત રીતે પ્રકાશિત કરે છે કેટલાક વિધાનો તેમના વિકસિત અભ્યાસો કે જે તેમના પ્રકાશિત પ્રલેખોના સંદર્ભમાં સ્વીકારાયા છે તે માટે આ બિન સામયિક પ્રલેખો પર આધાર રાખે છે. વિદ્વાન આલોચકો ટીકાત્મક રીતે આ સામગ્રીઓની સમાલોચના કરે છે અને પ્રલેખોના વિચાર વિગતો સંબંધિત તેમના દષ્ટિબિંદુ આપે છે. સમાલોચકો પ્રલેખોના મૂલ્યનો નિર્ણય કરે છે અને તેમની ગુણવત્તાનું સૂચન કરે છે કેટલાક પ્રખ્યાત સમાલોચકો અથવા વિદ્વાનો પુસ્તકોના સ્વરૂપ અને સંબંધિત પ્રલેખો કે જે જ્ઞાનના પ્રવર્તમાન પીંડને ફાળારૂપ હોય તેમાં તેમના જ્ઞાનને વહેંચે છે. વાચકો માત્ર વિગત માહિતી મેળવતા નથી પણ પ્રલેખોના ક્ષેત્ર, આવરણ, ઊંડાણ અને ગુણવત્તા મેળવે છે. સમાજ વિજ્ઞાનો, ભાષા વિજ્ઞાનો અને સાહિત્યના ક્ષેત્રોમાં ઘણા પ્રાથમિક પ્રકાશનો બિન સામયિક સ્વરૂપમાં પ્રકાશિત થાય છે. આથી સામયિકોમાં પુસ્તક આલોચના વિભાગ માહિતી સ્રોતોને અગત્યનું સાધન છે. Book Review Index અને Book Review Digest જેવા વિવિધ સામયિકોમાં પ્રકાશિત પુસ્તક આલોચના તરફ પ્રવેશ પૂરો પાડવા અમુક સૂચિકરણ સામયિકો છે. 1965માં શરૂ થયેલ Book Review Index 500 કરતાં વધારે સામયિકોમાં તમામ સમાલોચનાની સૂચિ બનાવે છે. Gale Research દ્વારા પ્રકાશિત વાર્ષિક સંચયી ગ્રંથ સાથે દ્વિમાસિક સામયિક છે. 1907થી પ્રકાશિત થતું The Book Review Digest એ પ્રવર્તમાન યુવાન અને બાળ નવલકથાઓ અને બિન નવલકથાની સમાલોચના સારનો સમાવેશ કરે છે. તે ત્રિમાસિક અને વાર્ષિક સંચયી ગ્રંથો ધરાવતું H.W. Wilson દ્વારા પ્રકાશિત માસિક સામયિક છે. તે સીડી-રોમ પર અને ઇન્ટરનેટ લવાજમ દ્વારા ઉપલબ્ધ છે.

#### 13.6.10 માહિતી સ્રોતો માટેની માર્ગદર્શિકા (Guide to Information Sources)

તમે જોયું છે કે દ્વિતીય સ્રોતો જેવા કે સંક્ષેપકરણ અને નિર્દેશીકરણ સેવાએ માહિતીના પ્રાથમિક સ્રોતોને સાધનો તરીકે કાર્ય કરે છે માહિતીના દ્વિતીય અને તૃતીય સ્રોતો માત્ર વૈવિધ્ય નહીં પણ હદમાં પણ વધ્યા છે. ગ્રંથપાલ માટે ક્ષેત્રમાં સંલગ્ન માહિતીના તમામ દ્વિતીય અને તૃતીય સ્રોતો નવા નવા સ્રોતો હંમેશા ઉભરી રહ્યા છે. આ સમસ્યાના જવાબ તરીકે માહિતી સેવાઓની માર્ગદર્શિકાઓ ઉદ્ભવી છે. તમે Sheehy's Guide to Reference Books, walford Guide to Reference Material વિષે ક્યારનુંય શીખ્યા છો બંને માર્ગદર્શિકાઓ જ્ઞાનના સ્રોતોને સંલગ્ન સંદર્ભ પુસ્તકને આવરી લે છે. કેટલીક માર્ગદર્શિકાઓ છે જે જ્ઞાનના ખાસ ક્ષેત્રને સમર્પિત છે.

- જેવા કે સમાજ વિજ્ઞાનો, જીવ વિજ્ઞાન, રસાયણશાસ્ત્ર વગેરે.

આ દેખતી રીતે Sheehy's અથવા Walford's ની માર્ગદર્શિકા કરતા વધારે વિસ્તૃત છે અને વિસ્તારમાં શોધ માટે વધારે ઉપયોગી છે.

#### 13.6.11 સંદર્ભ ગ્રંથપાલ (Reference Librarian)

વિવિધ સ્રોતોમાં માહિતી ક્ષતિપૂર્તિ માટે સંદર્ભ ગ્રંથપાલ સૌથી મહત્ત્વના સાધનો પૈકીનું એક છે. અસંખ્ય ઉપયોગકારોમાંથી વિવિધ તપાસે હલ કરવા માટે સંદર્ભ ગ્રંથપાલ અસંખ્ય સ્રોત સંદર્ભોનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન મેળવે છે. જે સમયની બરબાદી સિવાય સરળતા અને વિશ્વાસ સાથે માહિતી શોધવામાં તેમને મદદ કરે છે.

### 13.7 માહિતી સ્રોતોના સહાયક ઉપકરણ તરીકે ઈન્ટરનેટ (INTERNET AS AN AID TO INFORMATION SOURCES)

અગાઉના વિભાગોમાં તે માહિતી સ્રોતોમાં વિવિધ સાધનો જેવા કે વિગતોનો કોઠો, નિર્દેશો, સંચયી વિગતો અને સંચયી નિર્દેશો, કોઠાઓની યાદી, સચિત્રોની યાદી, ખુલાસા યાદીઓ વગેરે વિષે શીખ્યા છો. આ તમામ સ્પષ્ટ બાબતો છે અને સ્રોત પ્રલેખ પર માહિતી એકત્ર કરવાની સરળતા ઊભી કરવા પુસ્તકાલયો અને માહિતી કેન્દ્રોમાં ભૌતિક રીતે ઉપલબ્ધ છે. માહિતી સ્રોતોને સાધનો પૈકી કેટલાક સાધનો ઇન્ટરનેટ ઉપર ઉપલબ્ધ છે જે શોધકોને માહિતી ઝડપથી મેળવવા માટે મદદ પણ કરે છે.

માહિતીની વિવિધતાઓ વેબસાઈટ મારફતે સુગમ હોય છે. જેઓ કેટલાક વ્યાવસાયિક તથા બિન વ્યાવસાયિક સંગઠનો દ્વારા વિકસાવાય, જળવાય અને તાજા રખાય છે. અધિ ટેકનોલોજી ઈન્ટરનેટને બહુ માધ્યમ વિગતો જેવી કે પુસ્તકીય, દશ્ય શ્રાવ્ય અને આલેખને માહિતીનો પ્રવેશ પૂરો પાડવા શક્તિમાન બનાવે છે.

કેટલીક સંકલ્પનાઓ કે જે ઇન્ટરનેટ સ્રોતોની વૃદ્ધિની સાથે ઉદ્ભવી છે તે છે. ડીઝીટલ પુસ્તકાલય વર્ચ્યુઅલ પુસ્તકાલય, ઈ-પુસ્તકાલય, ઈ-સામયિક, ઈ-વર્તમાનપત્ર, ઈ-જર્નલ, ઈ-વાણિજ્ય, ઈ-સરકારી વહીવટ, ઈ-અભ્યાસ સામગ્રી અને અન્ય ઘણી ઇન્ટરનેટ વિવિધ માહિતી સંગ્રહો કેટલાક હેતુઓ જેવા કે ઉપયોગકારનો રૂપરેખા સંબંધી માહિતી માટે ઇન્ટરનેટ ઉપયોગ કરનારાઓમાંથી સીધી જ માહિતી આગત કરે છે.

આપણે જાણીએ છીએ કે દ્વિતીય માહિતી સેવાઓ દ્વારા પ્રાથમિક માહિતી પ્રવેશી રહી છે. ઘણા દ્વિતીય માહિતી સેવા પૂરી પાડનારાઓ ઈન્ટરનેટ દ્વારા વાઙ્મયસૂચિ અથવા સારકરણ માહિતી સંગ્રહો તથા સંપૂર્ણ વિગત ડેટાબેઝને પ્રવેશ આપે છે. આ પૈકી કેટલીક સેવાઓ લવાજમ આધારિત હોય છે અને કેટલીક મર્યાદિત પ્રવેશ માટે ફી હોય છે. આંતરરાષ્ટ્રીય રીતે પ્રખ્યાત સામયિક પ્રકાશકો તેમની પોતાની વેબસાઈટ અથવા દ્વિતીય સેવા પૂરી પાડનારાઓની વેબસાઈટ મારફતે સામયિકોના છેલ્લામાં છેલ્લા અંકની વિગતોનો કોઠાનો પ્રવેશ પૂરો પાડે છે. દા.ત., National Institute of Science Communication and Information Resources, India (NISCAIR) અસંખ્ય અભ્યાસ સામયિકો પ્રકાશિત કરે છે અને આ સામયિકોની વિગતોનો કોઠો તેની પોતાની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. (http://www.niscaires.in) એ જ રીતે Indian Academy of Science નાં સામયિકોની વિગતોનો કોઠો તેની પોતાની વેબસાઈટ (http://www.ias.ernet.in) પર ઉપલબ્ધ છે. INDIAN National Science Academy (INSA), Indian Academy of Science અને બીજી ઘણી સંસ્થાઓ તેમની વેબસાઈટ દ્વારા પ્રકાશિત તથા અભ્યાસ સામયિકોનો સંપૂર્ણ વિગત પ્રવેશ પૂરો પાડે છે. દ્વિતીય માહિતી સેવા પૂરી પાડનારાઓ જેવા કે Institute of Science Information (ISI), BLOSIS, COMPENDEX, INSPEC વગેરે ઇન્ટરનેટ દ્વારા તેમના માહિતી સંગ્રહોને પ્રવેશ પૂરો પાડી રહ્યા છે. શોધ સેવાઓ તેમની મુદ્રિત અથવા સીડી રોમ આધારિત ઉત્પાદનો કરતાં વધારે લવચીત અને શક્તિશાળી હોય છે. જ્યારે ઉપયોગકારો વિજાણું પદ્ધતિ દ્વારા પ્રવેશ કરે ત્યારે શોધ સુવિધાઓ અસંખ્ય અભિગમો અથવા પ્રવેશબિંદુઓને આધાર આપે છે.

માહિતી પ્રત્યાનકારો અને ઉત્પાદકોનાં વિવિધ જૂથો માહિતી ઉત્પાદકો અથવા સેવાઓના ગ્રાહકો સુધી પહોંચવા શક્તિશાળી ઇન્ટરનેટ ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યા છે. પુસ્તકો અને સંદર્ભ સામગ્રી વિષે વિવિધ માત્રામાં માહિતી પ્રકાશકોના વેબસાઈટ, ઓનલાઈન પુસ્તક વિક્રેતાની વેબસાઈટ અને ઘણાં પુસ્તકાલયોના Web-OPACS માં શોધી શકાય છે. પુસ્તકો અને સંદર્ભ સામગ્રી વિષેની માહિતી, વાઙ્મયસૂચિ માહિતી, વિગતોનો કોઠો, કોઠાઓની યાદી, સચિત્રવર્ણની યાદીઓ અને પુસ્તક સમાલોચનાઓનો સમાવેશ કરી શકે. ઘણી web-OPAC અથવા વેબ આધારિત ઓનલાઈન જાહેર સૂચિપત્રો વિશ્વની સંબંધિત પુસ્તકાલયો દ્વારા આયોજીત થાય છે. લોકપ્રિય Web-OPAC નાં કેટલાક ઉદાહરણો નીચે મુજબ છે.

- Library of Congress <http://catalog.log.gov>
- British Library <http://catalogup.bl.uk>
- National Library, Australia <http://catalogue.nla.gc.au>

ઓનલાઈન વિક્રેતાઓ ઈ-કોમર્સ ટેકનોલોજીનો ઉપયોગ કરીને તેની વેબસાઈટો મારફતે ઘણા નમૂનાઓ ઉપરાંત પુસ્તકો સંદર્ભ સામગ્રી, DVD, સંગીત, દશ્યો, લઘુ માધ્યમ સામગ્રી વેચે છે. તેઓ ઓનલાઈન પ્રવેશ માટે નમૂનાઓના વિશાળ માહિતી સંગ્રહો જાળવી રાખે છે. માહિતી ખરીદી, સંદર્ભસૂચિ માહિતી, વિગતોનો કોઠો, સારગ્રહણ તેમજ સંપાદકીય આલોચનો અને ગ્રાહકોના દષ્ટિબિંદુનો સમાવેશ કરતી આવી બાબતો વિષે માહિતી પૂરી પાડે છે. આ વેબસાઈટો માહિતી સ્રોતોનાં સર્વદિશીય સાધનો

છે. The Amazon.com <http://www.amazon.com> પુસ્તકો સામયિકો અને અન્ય બાબતો માટે આંતરરાષ્ટ્રીય રીતે લોકપ્રિય ઓનલાઈન વિક્રેતાઓના ઉદાહરણ છે.

ઈન્ટરનેટ એ માહિતીનો વધુ વિકસિત સ્રોત છે કે જેની પાસે અબજો વેબ દસ્તાવેજો કેટલાક સગવડ પૂરી પાડનારાઓ આ માહિતીના વિસ્તૃત સ્રોતોને શોધ સુવિધા પૂરી પાડે છે. આ સગવડકારો એ વેબ શોધ એન્જીન છે. વેબ સર્ચ એન્જિનએ વેબસાઈટ છે. અન્ય વેબસાઈટના માહિતી સંગ્રહોની નિર્દેશિકા જાળવી રાખે છે.

**Table 13.3 Top Ranking Web Search Engines**

| Name of the web search Engine | URL |
|---|---|
| Google | http://www.google.com |
| Yahoo | http://www.yahoo.com |
| Ask Jeeves | http://www.askjeeves.com |
| All the web | http://www.aoresearch.aol.com |
| 4 OL Search | http://www.search.aol.com |
| Hot Bot | http://www.hotbot.com |
| Tecoma | http://www.tecoma.com |
| Altavista | http://www.altavista.com |
| Gigablast | http://www.gigabast.com |
| Looksmart | http://www.looksmart.com |
| Lycos | http://www.Lycos.com |
| MSN Search | http://www.search.msm.com |
| Netscale search | http://www.search.netscale.com |
| Open Directory | http://www.dmoz.com |

કોઠો 13.3 આજે ઉપલબ્ધ ઉચ્ચક્રમના સર્ચ એન્જિન દર્શાવે છે. કેટલા સર્ચ એન્જિન કાં તો ગુગલ સર્ચ એન્જિન અથવા યાહુ, સર્ચ એન્જિન અથવા અન્ય દ્વારા શક્તિશાળી બનાવાય છે. ગુગલ અને યાહુના લીધે સર્ચ એન્જિનો પાસે મજબૂત શોધ શક્તિઓ હોય છે. The National Information Centre (NIC) of India, સરકારી વિભાગો, સંસ્થાઓ, કાર્યક્રમો અને દસ્તાવેજો માટે વેબ નિર્દેશિકાઓ જાળવી રાખે છે કે જે તેની વેબસાઈટ <http://goidirectory.nic.in> મારફતે શોધી શકાય છે. કેટલાંક સર્ચ એન્જિન ખાસ વિશિષ્ટ પ્રકારના દસ્તાવેજ જેમ કે લેખો, સમાચાર, સંગીત, ચલચિત્રો વગેરે માટે સંબંધિત શોધ પરિણામો ઉત્પન્ન કરવા શક્તિશાળી હોય છે. ગુગલનું scholar અભ્યાસ પ્રત્યાયનો જેમ કે સામયિક લેખો, સભાલેખો અને શોધ અહેવાલોમાંથી માહિતી પરિણામો ઉત્પન્ન કરે છે. એ જ રીતે Loksmart એન્જિનને સામયિક લેખો માટે મજબૂત નિર્દેશો હોય છે.

**Table 13.4 Online Information Resources**

| Types of Information Source | Example of Internet Resource |
|---|---|
| Primary source of information | IEEE Electronic Library |
| Secondary source of informarion | ISI web of science |
| Tertiary source of information | Ultich's periodical |

13.4 કોઠો દર્શાવે છે કે પ્રત્યેક પ્રકારની માહિતી વિવિધ ઉપયોગકારોની માહિતી જરૂરિયાતોના વિવિધ પ્રકારને સંતુષ્ટ કરવા સાયબર સ્પેસમાં જોવા મળી શકે છે. વેબ આધારિત માહિતી પેદાશો પૈકી કેટલાક લવાજમ આધારિત સેવાઓ મારફતે ઓનલાઈન સુગમ હોય છે. જ્યારે ઘણા ફ્રી પ્રવેશ વેબ પ્રલેખો પણ ઉપલબ્ધ છે.

આ રીતે ઈન્ટરનેટ એ માહિતી સ્રોતોના અગત્યના સાધન તરીકે કાર્ય કરે છે. ઈન્ટરનેટ ઉપયોગકારની વર્તમાન માહિતી જરૂરિયાતોને આધારે આપવા અવારનવાર ઉપયોગમાં લેવાય છે પરંતુ તે જ રીતે ઈન્ટરનેટ વિકસી રહ્યું છે તેને વધુ કેન્દ્રિત માહિતી આધાર પૂરો પાડવા માનવીય દખલ જરૂર પડે છે. પુસ્તકાલય અને માહિતી વ્યાવસાયિકોને શક્તિશાળી નિર્દેશો અને સૂચિપત્રો સાથે ઈન્ટરનેટ સ્રોતોના પ્રવેશદ્વાર સર્જન અહીં વધારે સારી રીતે ઉપયોજીત થાય છે કે જેથી શોધકોને સાયબર સ્પેસમાં ખોવાઈ જવાથી બચાવશે.

**તમારી પ્રગતિ ચકાસો :**

16. શું તમે માનો છો કે માહિતીના સ્રોતોના એક મહાન ઉપકરણ તરીકે ઈન્ટરનેટ ઊભરી આવશે ?

નોંધ : (1) તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.

(2) તમારો જવાબ આ એકમને અંતે આપેલ જવાબો સાથે મેળવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 13.8 સારાંશ (SUMMARY)

આ એકમમાં આપણે ગ્રંથાલય અને માહિતી સેવાઓમાં વિષયવસ્તુ પૃથક્કરણ અને તેનો વિનિયોગ ઉપભોક્તાની માહિતી જરૂરિયાત અનુસાર માહિતી સેવાઓની રૂપાંતરિત વ્યવસ્થા, ઉલ્લેખ પૃથક્કરણ, Cito-analytical પેદાશો અને માહિતી સેવાઓમાં તેના વિનિયોગ અને માહિતી સ્રોતો પરત્વે બન્ને પ્રલેખીય અને બિન પ્રલેખીય સાધનોની ચર્ચા કરી છે. માહિતીના વિજાણું સ્રોતોના વિવિધ પ્રકારો ઓનલાઈન આધારિત (ઈન્ટરનેટ સ્રોતો) અને ઓફ લાઈન આધારિત (સીડી રોમ અથવા ફ્લોપી)ની પણ આ અંકમાં ચર્ચા કરી છે. "માહિતી સાધનો" પર અતિ વિગતવાર વિભાગને પણ સમાવેશ કરાયો છે. વાઙ્મયસૂચિ સાધનો અને સંદર્ભ સામગ્રીના સ્વરૂપમાં તેની અનિવાર્યતા તરફ ધ્યાન ખેંચીને માહિતી સ્રોતોની પ્રચૂરતાનો ઉપયોગ કરીને ચર્ચા કરાઈ છે. આ તમામ સ્રોતો, સાધનો અને તકનીકોનો ઉપયોગ કરીને એક વ્યાવસાયિક ગ્રંથપાલ ઉપયોગકારોને મૂલ્યવર્ધિત માહિતી સેવાઓ પૂરી પાડી શકે છે.

## 13.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (ANSWERS TO SELF CHECK EXERCISES)

1. વિષયવસ્તુ પૃથક્કરણ જ્ઞાન પ્રબંધ સામાન્ય રીતે અને ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રો ખાસ કરીને માટેનો પાયો રચે છે. વર્ગીકૃત તકનીકો સાથે જોડીને માહિતી અને જ્ઞાનની વ્યવસ્થાની પ્રક્રિયા પ્રાપ્તિ અને પુનઃપ્રાપ્તિની ખૂબ શક્તિશાળી પદ્ધતિ રજૂ કરે છે. વાસ્તવમાં આ પ્રક્રિયાનો પૃથક્કરણ, જોડાણ હુકમ કરવો તે ભેદભાવ, સંયોજીકરણ, જાળવણી પ્રાપ્તિ, નવીનીકરણ, ઈરાદો વગેરેનો સમાવેશ કરે છે.

2. ગ્રંથાલય અને માહિતી સેવાઓ કે જેમાં વિષયવસ્તુ પૃથક્કરણ ઉપયોગી રીતે વિનિયોજી કરી શકે છે. એવા વિસ્તાર પૈકી કેટલાક છે :

   (a) વિષય નિર્દેશીકરણ

   (b) વર્ગીકરણ

   (c) ઉપભોક્તા પૃથક્કરણ

(d) સાહિત્ય શોધ

(e) માહિતી પુનઃપ્રાપ્તિ

(f) સંદર્ભ સેવા

(g) સારકરણ અને સંક્ષેપન, અને

(h) દઢીકરણ અને પુનઃગઠન જેવા સમીક્ષાઓ પ્રગતિ અહેવાલો અને પ્રવાહ અહેવાલો જેવી દઢીકરણ અને પુનઃગઠન ઉપજો

3. માહિતી સ્રોતો પ્રાથમિક દ્વિતીય અને તૃતીય સ્રોતો તરીકે વર્ગીકૃત કરાય છે. પ્રાથમિક સ્રોતો એ છે કે પ્રથમવાર નોંધાયેલ મૂળ ફાળાઓ જેવા કે સામયિકો, લઘુશોધો અહેવાલો વગેરે દ્વિતીય સ્રોત પ્રાથમિક સ્રોતો પર આધારિત છે અને પ્રાથમિક સ્રોતો વિષે માહિતી સમાવે છે. મોટા ભાગના કિસ્સાઓમાં આ પોતાની જાતે માહિતી પૂરી પાડતા નથી. પરંતુ માહિતીના સ્થાન અને ઉપલબ્ધતા તરફ નિર્દેશ કરે છે. તૃતીય સ્રોતોમાંથી પ્રાપ્ત કરાય છે અને માહિતીના સ્રોતને સંબંધિત માહિતી પૂરી પાડે છે.

4. ઉપભોક્તા માહિતી જરૂરિયાતોને ચાર શ્રેણીઓમાં અલગ પડાય છે. અદ્યતન, વિસ્તૃત, પ્રવર્તમાન, છેલ્લામાં માહિતીથી વાકેફ રાખવા ઈચ્છતો હોય ત્યારે અદ્યતન માહિતી જરૂરિયાત ઊભી થાય છે. વિસ્તૃત માહિતીની જરૂરિયાત ઊભી થાય છે જ્યારે ઉપયોગકારને વિષય વિશે સંપૂર્ણ માહિતીમાં રસ હોય રોજબરોજના કાર્યના સમયગાળામાં ઊભી થાય છે, તેવી જરૂરિયાત ખાસ માહિતી કે જેના માટે ખાસ ઉત્તરોની જરૂર હોય તેની પાસે સંબંધ ધરાવે છે તદર્થ માહિતીની જરૂરિયાત ત્યારે ઊભી થાય જ્યારે કોઈ પણ ઉપભોક્તા વિષય વિષે અત્યાર સુધી અજાણ હોય અને વિષયના સંપૂર્ણ નહીં પણ ટૂંકા ચિત્રની જરૂર હોય.

5. માહિતીનો યોગ્ય ઉપયોગ કરવા માટે આ સ્રોતોને ઉપયોગકારની જરૂરિયાતો અને આવશ્યકતાઓ મુજબ ગોઠવવાની જરૂર પડે છે. માહિતી સ્રોતોની ગોઠવણી માટે ઉપભોક્તાની જરૂરિયાતનો અભ્યાસ કરવાનું જરૂરી છે. આવી જરૂરિયાત પર આધારિત, સ્રોતોની એવી રીતે ગોઠવણી કરાવવી જોઈએ કે જે માહિતીની ઉપયોગ ક્ષમતાને આગળ વધારી શકે. માહિતીએ કિંમતી ચીજ છે. આ હકીકતના આત્મીયતાને તમામ બાબતો માહિતી વિષયવસ્તુની દરખાસ્ત, પ્રાપ્યતા ભૌતિકરૂપ, રજૂઆત પદ્ધતિ વગેરેમાંથી ઉપયોગકારની જરૂરિયાત મુજબ ગોઠવવામાં દ્વિતીય માહિતી સ્રોતના ઉત્પાદકો ઉપર વધારે જવાબદારી લાદી છે.

6. Current Contents એ સાત અલગ વિભાગોમાં બહાર પડાય છે.

1. Current Contents - કૃષિ જીવશાસ્ત્ર અને પર્યાવરણ વિજ્ઞાનો
2. Current Contents - કલા અને ભાષા વિજ્ઞાનો
3. Current Contents - તબીબી ક્ષેત્ર
4. Current Contents - ઈજનેરી, કમ્પ્યૂટર અને ટેકનોલોજી
5. Current Contents - જીવ વિજ્ઞાનો
6. Current Contents - ભૌતિક રાસાયણિક અને પૃથ્વી વિજ્ઞાનો
7. Current Contents - સામાજિક અને વર્તન વિજ્ઞાનો

7. ઉલ્લેખો પર આધારિત અભ્યાસો સામાન્ય રીતે પૃથક્કરણ તરીકે ગણાય છે. તેઓને cito-analytical અભ્યાસો તરીકે પણ ગણાય છે. પૃથક્કરણ હવે સંશોધકો, સંસ્થાઓ અને દેશોની કામગીરીના મૂલ્યાંકન કરવાનું શક્તિશાળી સાધન છે. આ જ્ઞાનના માપન માટે અને સાહિત્યના વિકાસનો અભ્યાસ કરવાની વિશિષ્ટ પદ્ધતિ પણ છે.

8. ઉલ્લેખ નિર્દેશિકાઓનો કાળક્રમ છે :

◆ વિજ્ઞાન ઉલ્લેખ નિર્દેશ (1963)

◆ સમાજ વિજ્ઞાન ઉલ્લેખ નિર્દેશ (1973)

◆ કલા અને ભાષા વિજ્ઞાનો ઉલ્લેખ નિર્દેશ (1978)

◆ ISI Web of Science (1997)

9. વિજ્ઞાન ઉલ્લેખ નિર્દેશિકાના વિવિધ ભાગો છે. ઉલ્લેખ નિર્દેશ, સ્રોત નિર્દેશ, વિનિયમ વિષય નિર્દેશ અને સહકારી નિર્દેશ.

10. ISI Web of Science નાં શોધ વિકલ્પો છે.

- ઝડપી શોધ [CBlooean ચાલકો CAND, OR NOT, SAME] અને wild cards (*?$) નો ઉપયોગ કરીને મુદ્દાના શબ્દોની શોધ)

- સામાન્ય શોધ (મુદ્દા, લેખક નામ, સ્રોત શીર્ષક અને લેખક સરનામાં દ્વારા નોંધોની શોધ)

- રચના શોધ (રાસાયણિક સંયોજન અને પ્રતિક્રિયાઓની શોધ)

- વિકસિત શોધ (અનુભવી ઉપયોગકારો માટે કે જેઓ ક્ષેત્રની નોંધ, Blooean રજૂઆતો અને નિશ્ચિત જોડાણોનો ઉપયોગ કરીને જટિલ શોધ વ્યૂહો વિકસિત કરવા માંગતા હોય)

- મુક્ત સેવ કરાયેલ શોધ (અગાઉ સેવ કરેલ શોધ ઇતિહાસ ફાઈલને ખોલીને નોંધ માટે શોધ)

11. ISI web of knowledge ની હાર્દરૂપ વિગતો અને પૃથક્કરણીય વિગતો Institute for scietific information, Philadelphia, USA દ્વારા ઉત્પાદિત કરાયા છે. હાર્દરૂપ વિગતો છે : ISI web of science, Current contents connect, ISI proceedings અને Derwent Innovation Index પૃથક્કરણીય વિગતો છે. Journal citation Reports on the web, Essential Science Indicators અને Highly cited.com.

12. પ્રલેખ અથવા પ્રલેખનો ભાગ અથવા વ્યક્તિ કે જે સ્રોતમાં ઇચ્છિત માહિતી શોધવામાં મદદ કરે છે. તે માહિતી સ્રોતના સાધન તરીકે ગણાય છે.

13. કર્તા સંલગ્ન નિર્દેશિકા એ કર્તા જેની સાથે જોડાયેલ હોય તે વ્યવસ્થા અથવા સંસ્થાનું સરનામું પુરું પાડે છે તે સહકારી કર્તા નિર્દેશિકાથી અલગ પડે છે. તે એ અર્થમાં કે સંસ્થા કે પ્રબંધ જેની સાથે લેખક જોડાયેલ હોય તે માત્ર લેખક નથી જ્યારે સહકારી લેખક નિર્દેશોમાં સહકારી પિંડ જ લેખક હોય છે.

લેખક જોડાણ નિર્દેશ પત્રાચારને સરળ બનાવવા માટે લેખનું સરનામું પુરું પાડે છે જેથી લેખકની પોતાની પાસેથી જ પ્રથમદર્શી માહિતી મેળવી શકાય છે.

14. ચાવીરૂપ શબ્દ નિર્દેશિકાએ પ્રલેખના શિર્ષકમાંથી લીધેલ મુખ્ય શબ્દો પર મુખ્યત્વે આધારિત વિષય નિર્દેશિકા છે. BASIC એટલે કે Biological Abstract subject in context પણ ચાવીરૂપ શબ્દ નિર્દેશિકા છે. આ કિસ્સામાં આમ છતાં પ્રત્યેક ચાવીરૂપ શબ્દ સંદર્ભ સાથે જોડાયેલાં છે.

BASIC નિર્દેશિકા ત્રણ સ્તંભોનો સમાવેશ કરે છે. પ્રથમ સ્તંભએ દ્વિતીય સ્તંભમાં દેખાતા પ્રથમ ચાવીરૂપ શબ્દની આગળ આવતા શીર્ષકના ભાગને ઉત્પન્ન કરે છે. સમગ્ર નિર્દેશિકા બીજા સ્તંભમાં પહેલા શબ્દની આગળ આવતા અને પાછળ આવતા શીર્ષકનો ભાગ સંદર્ભ પૂરો પાડે છે. ત્રીજો સ્તંભ ક્રમિક અંક દર્શાવે છે. Myxophyceac from the Ajee river near Rajkot શીર્ષક Basic માં નીચે પ્રમાણે દેખાશે.

| | |
|---|---|
| Myxophyceae from the Ajeeriver Near Rajkot | 000177 |
| River near Rajkot/Myxophyceae from the Ajee | 000177 |
| From the Ajee river near Rajkot/Myxphyceae | 000177 |
| Myxphyceae from the Ajee river near Rajkot | 000177 |

15. ખુલાસારૂપ નોંધો પ્રલેખની વિગતની સારી સમજણ સરળ બનાવવા અસંખ્ય નમૂનાઓની સમજૂતી પૂરી પાડે છે. સામાન્ય રીતે સંદર્ભ ગ્રંથો નોંધણીની ગોઠવણ, નોંધણીના વિવિધ ભાગો, વિગતોની રચના વગેરેનું વર્ણન કરવા ખુલાસારૂપ નોંધો પૂરી પાડે છે.

ખુલાસારૂપ નોંધો માહિતીની પુનઃપ્રાપ્તિમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ધારો કે વાચક જાણવા ઈચ્છે છે કે દિલ્હીના કયા ગ્રંથાલયો ગ્રંથ-1માંથી જ India Journal of Medical Research ધરાવે છે. સંદર્ભ સાધન કે જે આ પ્રશ્નનો જવાબ પૂરો પાડી શકે તે છે. National union catalogae of scientific in india ઉપર દર્શાવેલ સૂચિપત્રના સાચા પૃષ્ઠ પર જોતાં નીચે જણાવ્યા મુજબની માહિતી અને પ્રતિકોના સંપર્કમાં આવશે.

| | | |
|---|---|---|
| ADIMAF | 1, | 1913/14 + 13-27, 32/(30, 35, 37, 45-46) |
| ADIMAI | 46, | 1958 + (50) |
| ADIMIH | 73, | 1925/26 + 42-43,48-48/(16, 18, 28, 50) |

હવે ખુલાસા નોંધોને જોઈ જવા સિવાય 6 અંક પ્રતીકો જેવા કે ADIMAF અને પ્રતીકોને અનુસરતી સંખ્યાઓ, રેખાઓ અને કૌંસના અર્થને સમજવું શક્ય નથી. તેમના અર્થ જણાય ત્યાં સુધી ઉપયોગકારને કોઈ માહિતી આપી શકાતી નથી. આ ઉદાહરણ ખુલાસા નોંધના મહત્ત્વને ઉજાગર કરે છે.

16. ઈન્ટરનેટ માહિતી આધારોના એકલ બારી પાડનાર તરીકે વિચારાય છે. માહિતી સ્રોતો તે ઘણાં પરંપરાગત સ્રોતો લવાજમ મારફતે અથવા મુક્ત સ્રોત મારફતે ઈન્ટરનેટમાં હવે ઉપલબ્ધ છે. હવે અભ્યાસ પ્રત્યાયન પણ સમય સ્થળના બંધનોના ખતમ થવાની સાથે નવી ઊંચાઈ મેળવે છે. થોડીક ક્ષણોમાં જ શોધકો ઈન્ટરનેટમાં તેમની જરૂરિયાતની માહિતી શોધી શકે છે. પ્રાથમિક પ્રત્યાયનોથી દ્વિતીય અને તૃતીય માહિતી સંગ્રહો તમામ આવી બાબતોના લવાજમકારો ઓનલાઈન ઈન્ટરનેટ દ્વારા સુગમ છે. આ ઉદાહરણ આપણને વિચાર આપે છે કે પ્રત્યાયન કેટલું ઝડપી બની શકે યુરોપમાં પ્રકાશિત સામયિકનો મુદ્રિત અંક લાંબી પ્રતિક્ષા બાદ બે-ત્રણ મહિના પછી ભારતમાં વિદ્વાનની પાટલી સુધી પહોંચી શકે. પરંતુ ઈન્ટરનેટનો ઉપયોગ કરીને તે અંકના વિગતોની સારણી તથા સંપૂર્ણ ગ્રંથ વિગતો પ્રકાશન બાદ તરત જ પહોંચી શકશે. આમ, આપણે આગાહી કરી શકીએ કે ભાવિ અભ્યાસ પ્રત્યાયનો ઈન્ટરનેટ આધારિત સેવાઓનો વધારેને વધારે ઉપયોગ કરી શકશે.

## 13.10 ચાવીરૂપ શબ્દો (KEY WORDS)

**દફતરસંગ્રહ :** માન્ય સંગ્રહાલયમાં રખાયેલ જાહેર નોંધો અથવા ઐતિહાસિક દસ્તાવેજો

**(Archive)**

**ઉદ્ધરણ અર્ધ-મર્યાદા :** વર્તમાન વર્ષથી પાછા જતાં સામયિક પ્રકાશન વર્ષોની જે સંખ્યા વર્તમાન (Citing Halflife)વર્ષમાં ઉલ્લેખીત સામયિકો દ્વારા કુલ ઉલ્લેખોના 50% થવા જાય છે.

**ઉદ્ભૂત પૃથક્કરણીય :** ઉલ્લેખ પૃથક્કરણના પરિણામોનો પૂર્વ પ્રયોગ કરતો પ્રલેખ.

ઉપજ

**(cito-analytical product)**

**સહપદ :** સ્રોતલેખ શીર્ષકમાં જોવા મળતો શબ્દ અને વિનિમય વિષય નિર્દેશમાં પ્રાથમિક પદના ઉતરતા દરથી ગણાતું પદ.

(Co-term)

**તત્કાલિન નિર્દેશિકા :** કેટલીક ઝડપથી ખાસ સામયિકનું (સરેરાશ લેખ) 'average article' નો ઉલ્લેખ કરાય છે તે બાબતનું માપ અને તે જ વર્ષમાં સામયિકના સ્રોત નમૂનાઓ દ્વારા ખાસ વર્ષમાં મેળવાતા ઉલ્લેખો પ્રમાણ સંખ્યા અભિવ્યક્તિ કરે છે જેને ઉપર્યુક્ત સ્રોત નમૂનાઓની સંખ્યા દ્વારા વિભાજીત કરાય છે. ગાણિતીક રીતે તે નીચે મુજબ વ્યક્ત થાય છે.

(Immediacy Index)

li (jY) = c\x

જ્યાં li (jY) સામયિકની તાત્કાલિક નિર્દેશ

Y વર્ષ માટે

C = Y વર્ષમાં J સામયિકમાં પ્રકાશિત x સ્રોત નમૂના દ્વારા મેળવાતા ઉલ્લેખોની સંખ્યા

X = Y વર્ષમાં J સામયિકમાં પ્રકાશિત સ્રોત નમૂનાઓની સંખ્યા

અસર પરિબળ : આવૃત્તિ કે જેની સાથે સામયિકોના સરેરાશ લેખો કોઈ વર્ષમાં ઉલ્લેખિત કરાયા છે. સામાન્ય રીતે આગળનાં પંચાગ વર્ષમાં પ્રકાશિત સ્રોત નમૂનાઓ માટે કોઈ ખાસ પંચાગ વર્ષમાં સામયિક દ્વારા મેળવાયેલ ઉલ્લેખો એસર પરિબળ નિશ્ચિત કરવા માટે ધ્યાનમાં લેવાય છે. Journal citation Report (JCR) માં આગળના બે પંચાગ વર્ષોમાં પ્રકાશિત સ્રોત નમૂનાનો એકમ જૂથ વિચારાય છે. ગાણિતિક રીતે આપણે JCR અસર પરિબળ નીચે પ્રમાણે રજૂ કરી શકીએ.

$$\text{li (JY)} = \frac{x_1 + x_2}{y_1 + y_2}$$

જ્યાં li (JY) = Y વર્ષ માટે J સામયિકનું અસર પરિબળ

$x_1$ = Y વર્ષમાં સ્રોત નમૂનાઓ J દ્વારા મેળવાયેલ ઉલ્લેખોની સંખ્યા

$x_2$ = Y વર્ષમાં J સ્રોત નમૂનાઓ દ્વારા મેળવાયેલ ઉલ્લેખોની સંખ્યા

$y_1$ = Y વર્ષમાં J સામયિકમાં પ્રકાશિત સ્રોત નમૂનાઓની સંખ્યા

$y_2$ = (Y-1) વર્ષમાં J સામયિકમાં પ્રકાશિત સ્રોત નમૂનાઓની સંખ્યા

Patent : એવી કચેરી કે જે ઘડતર અને પ્રક્રિયાઓની વિગતો આપે છે તેના દ્વારા અપાતનું પ્રકાશન.

પ્રાથમિક પદ : સ્રોત લેખક શીર્ષકમાં જોવા મળતું પદ અને વિનિમય વિષય નિર્દેશમાં મુખ્ય નોંધણી તરીકે દેખાય છે.

Primary Term

સ્રોત લેખ : Source Index of the science citation index દ્વારા આવરી લેવાયેલ સ્રોત લેખનું શીર્ષક

સ્રોત નમૂનો : પ્રલેખ એટલે કે સંશોધન પત્રક, સમાલોચના પત્ર, ટૂંકું પ્રત્યાયન વગેરે કે જેવું ઉલ્લેખ કરવાની શક્તિ છે. (સમાનાર્થી : સ્રોત પ્રલેખ)

(Source Item)

પારિભાષિક સંદર્ભ : અર્થો અથવા સંબંધો આપતા શબ્દો અને શબ્દસમૂહો સાથે પ્રાથમિક રીતે સંબંધ ધરાવતા સંદર્ભ સાધનો

ઉપકરણ

(Teminological

Reprence Tool)

યુજીસી માહિતી : ભારતમાં વિશ્વ વિદ્યાલયનો આતંરરાષ્ટ્રીય રીતે વિખ્યાત અભ્યાસ સામયિકોને પૂર્ણ ગ્રંથ પ્રવેશ પૂરો પાડવા UGC ની પહેલા પ્રારંભ એવી વેબસાઈટ કે જે સામાન્ય અથવા રૂપાંતરીત માહિતી સેવાઓ પૂરી પાડે છે.

નેટવર્ક

વેબ પોર્ટલ

(web portal)

## 13.11 સંદર્ભો અને વિશેષ વાચન (REFERENCES AND FURTHER READING)

Americal chemical society (2002), Chemical Abstracts - Indey condie, columbus (ohio) : Chemical Abstracts Service

Biblometric Studies : Seminor Papers (1983). 15th IASLIC Conference. Bongalore : IASLIC

Bottle, R.T. and Wyatt, H. V. (1971). Use of Biological Literature. 2 nd ed. Hamden (Cohn) : Archon.

Denis E. B. (1981). Using the Biological Literature : A Practical Guide : NY : Marcel Deuker.

Egghe, Leo and Rousseque, Ronald (1990). Introduction to Informatrics. Amsterdam : Elsevier.

Fairtherne, Robert A. (1969). Content Analysis, Specification, and Centrol. In : Williams, Matha E. (ed). Annual Review of Information Secience and Technology. New York : Elservier science publishing company Inc. Vol. 4.

Ghosh, S. B. (1997). Customized Organisation of Information Sources. In : MLIS-03, Block-3, unit 10. New Delhi : Indira Gandhi National Open University.

Gepinath M. A. Crativity and knowledge Organisation : A congnitive Interaction

Geogam D. (1981). Science and Technology : An Introduction to lifeture London : Clive Bingley.

Guja, B. (1983). Documentation and Information Calcutta L World Press.

Hanson, C. W. (1991). Introduction of Science Information Work. London : ASIB

Institute for scientific Information (2003), Journal citation Reports. Philadelphia, Pa : Institution for scientific information

Institute for scientific information (2005). <http://www.thomsonis.com>

Lancaster, F. W. (1990). Needs, Demands, and motivation in the asc of sources of information (unpublished)

Penland, partic R. (1971). Content Analysis. In : Kent, Alien and Lancour, Harold (ed) Encyclopaedia of Lubeary and Information Science, New York : Marcel Dekher Inc. vol. 5, pp. 632-65.

Rejam T. N. (1997). Content Analysis and its correlation to users. MLIS-03, Block-3, Unit-9, New Delhi : Indira Gandhi Open University.

Ravichandra Rao, I.H. (1985). Quantitative Method in Library and Information Science, rev. ed. New Delhi : Wiley Easterm.

Sen, B. K. (1997). Aids to Information Sources, In : MLIS-03, Block-3, Unit-12 New Delhi : Indira Gandhi National Open University.

Sen, B. K. (1997). Citation Analysis and Cito Analytical Products as sources of information and their uses. In : MLTS-03, Block-3, unit 11. New Delhi : Indira Gandhi National Open University.

Sheery, E.R. (1976) Guide Reference books 9th ed. Chicago : ALA

Taulbee, Orin E. (1968). Content Analysis, Specification, and Control In : Williams, Maetha E. (ed) Annual Review of Information science and Technology. New Delhi : Wlsevier Science Publishing Company Inc. Vol. 3

Vickery, B. C. (1968). Analysis of Information. In : Kent, Allen and Lancour, Hareld (eds) Encyclopaedia of library and Information Science. New York : Marcel Deuker Inc. Vol. 1, PP. 355-84.

Walford A. J. (1990). Guide to preference Material 5th ed London : Library Association.